
નવેમ્બર ૨૦૨૬

દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦



હું એક ફેરો લાંબો સફેદ કોટ પહેરીને લગ્નમાં જતો હતો. ત્યારે કોઈ ઉપરથી પાનવાળું થૂંક્યો. કોટ ફર્સ્ટ ક્લાસ લાલ દેખાવા માંડ્યો. તે મને વિચાર આવ્યો કે એનું થૂંકવું અને મારું ભેગું થવું, તેય અહીં આગળ જ, મારી સાથે જ આ હિસાબ શી રીતે આવ્યો ? આમ વિચારણા કરતાં કરતાં 'વ્યવસ્થિત' જડેલું.

આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈનો ઓસ્ટ્રેલિયા સત્સંગ પ્રવાસ

પર્થ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૧૯ થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬


સત્સંગ


જ્ઞાનવિધિ




ઈન્ટરવ્યૂ


દર્શન


ગરબા

સિડની : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૫ થી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬





ઓસ્ટ્રેલિયા શિબિર : તા.૨૮ સપ્ટેમ્બર થી ૧ ઓક્ટોબર ૨૦૨૬


સ્વાગત


સાંસ્કૃતિક કાર્યક્રમ


સત્સંગ


ગરબા


દર્શન

વર્ષ : ૩૨, અંક : ૩
સળંગ અંક : ૩૭૫
નવેમ્બર ૨૦૨૬
પાનાં : ૨૮

Editor : Dimple Mehta
© 2026
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
Printed by & Published by
Dimple Mehta on behalf of Mahavideh Foundation
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

સંપર્ક સૂત્ર :
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન : 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી અંગે ફરિયાદ માટે
ફોન / વોટ્સએપ : 8155007500

લવાજમ (ગુજરાતી)
૩ વર્ષ
ભારત : ૭૦૦ રૂપિયા
વાર્ષિક સભ્ય
ભારત : ૨૪૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

દાદાવાણી

'વ્યવસ્થિત'ની આજ્ઞા વાપરીએ વ્યવહારમાં-૧

સંપાદકીય

પરમ પૂજ્ય દાદા ભગવાનનો આ વર્ષે ગુરુપૂર્ણિમા નિમિત્તે સંદેશો એવી રીતે લઈશું કે આપણા રોજિંદા જીવનવ્યવહારના દરેક પ્રસંગમાં વ્યવસ્થિતની આજ્ઞા સમજીને પ્રેક્ટિકલી વાપરવી છે. દાદાશ્રી કહે છે જ્ઞાન પહેલા 'હું જ ચંદુ છું' અને 'હું જ કર્તા છું' માનતા હતા. સંજોગોના કર્તા થવાથી, સંજોગોમાં તન્મયાકાર રહેવાથી રાગ-દ્વેષના ચક્કરમાં આપણે અટવાયા હતા. હવે જ્ઞાન પછી પ્રત્યેક સંજોગો વ્યવસ્થિતની તાબે છે એ જાગૃતિપૂર્વક ગોઠવાતું જશે, તેમ તેમ સંજોગોના કર્તા આપણે નથી, 'વ્યવસ્થિત શક્તિ' છે એ સમજાતા પોતાનું કર્તાપણું છૂટતું જશે, તેમ તેમ મુક્ત દશા અનુભવાશે.

હવે વ્યવસ્થિતનું જ્ઞાન પ્રેક્ટિકલી કેવી રીતે વાપરવું ? કૌટુંબિક વ્યવહારમાં માતા-પિતા, પતિ-પત્ની, બાળકો કે અન્ય સભ્યો પાસે અપેક્ષાઓ રહેતી હોય છે. એ પૂરી ના થાય તો દુઃખ થાય. ત્યાં સામાને કર્તા માની સુધારવા જાય છે, ત્યારે 'વ્યવસ્થિત'નું જ્ઞાન ચૂકી સામાને દુઃખી કરી, પોતે પણ દુઃખી થઈ બે ખોટ ખાય છે. નોકરના હાથમાંથી મોંઘા ભાવના કાચના કપ-રકાબીઓ પડીને ફૂટી ગયા તો કકળાટ કરવાને બદલે, આ કોણે તોડ્યા ? તો ફોડનાર છે 'વ્યવસ્થિત' શક્તિ ! એટલે 'વ્યવસ્થિત' કહેતા જ મહીં સમતા રહેશે. વ્યવસ્થિતનું જ્ઞાન રૌદ્રધ્યાન-આર્તધ્યાન બેઉ બંધ કરાવી દે એવું છે. 'વ્યવસ્થિત'નો અર્થ શો ? આ જગતમાં કોઈ દોષિત છે જ નહીં.

જીવનવ્યવહારમાં કકળાટ અને ડખા ક્યારે થાય છે ? જ્યારે આપણે 'ધાર્યું' કરવાનો આગ્રહ રાખીએ છીએ ત્યારે. શું આપણા ધાર્યા પ્રમાણે થાય એવું વ્યવસ્થિત હોય ? ખરેખર આપણું ધાર્યું એક સેકન્ડ થાય નહીં. આ તો સંજોગોથી કાર્ય થાય છે અને પોતે ઈગોઈઝમ કરે છે, કે હું કરું છું. લોકોને ધાર્યું કરાવવાની આદત પડેલી છે ને, તેથી 'વ્યવસ્થિત' કડવું આવે છે. અપમાન વખતે દુઃખી થવા કરતાં 'વ્યવસ્થિત છે' કહી શોધખોળમાં પડવાનું કે 'કેવી રીતે આ ગોળી વાગી ? આવી ક્યાંથી ? મારનાર કોણ ? શું થયું ? કોને વાગી ? આપણે કોણ ?' 'વ્યવસ્થિત'ના જ્ઞાન આગળ બુદ્ધિ બંધ થતા રાજીખુશીથી જે બન્યું તે ન્યાય તેનો સ્વીકાર થશે.

આખું જગત ટેન્શન-ચિંતાઓ, વેર-ઝેરમાં જ સપડાયું છે. તે વખતે સર્વ સમાધાની 'વ્યવસ્થિત'નું જ્ઞાન સમજણમાં આવે તો ઘણા દુઃખો ઓછા થાય, મહીં નિરંતર સમાધિ રહે. ભૂતકાળની ચિંતા તો ગયેલી જ છે, પણ 'વ્યવસ્થિત'ના જ્ઞાનથી મહાત્માઓને ભવિષ્યની ચિંતા ઊડી જાય છે અને વર્તમાનમાં રહેવાય છે. યથાર્થ 'વ્યવસ્થિત' સમજાય તો પોતાને રાગ-દ્વેષ ના થાય. સાચું ભણતર ભણેલું તો ત્યારે જ કહેવાય કે એક્ઝેક્ટનેસમાં વ્યવસ્થિતની આજ્ઞા સમજી સર્વ દુઃખોથી મુક્ત થઈ વીતરાગતાના માર્ગે પુરુષાર્થ મંડાય !

જય સચ્ચિદાનંદ.

'વ્યવસ્થિત'ની આજ્ઞા વાપરીએ વ્યવહારમાં-૧

સંજોગો ભેગા કરનારી વ્યવસ્થિત શક્તિ

પ્રશ્નકર્તા : દાદા, તમે જે કહો છો કે વ્યવસ્થિત શક્તિ ચલાવે છે, 'એ કેવી રીતે ચલાવે છે' એ સમજાવો.

દાદાશ્રી : આપણે આ દૂધ હોય ને, તે મણ દૂધ હોય, એની મહીં આટલું દહીં આપણે નાખ્યું, સારું દહીં. પછી હલાવી અને પછી મૂકી દઈએ. પછી કઈ શક્તિ એને દહીં બનાવતી હશે ?

પ્રશ્નકર્તા : કુદરત.

દાદાશ્રી : એ જ વ્યવસ્થિત શક્તિ. કુદરત એ કોઈ વસ્તુ નથી. કુદરત એટલે સંજોગોનું ભેગું થવું તે. સંજોગોનો ભેગા થવાનો પ્રયત્ન થવા માંડ્યો, એનું નામ કુદરત અને એ સંજોગો ભેગા થઈ રહ્યા, એનું નામ 'વ્યવસ્થિત.' સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ, સંયોગિક પુરાવાઓ ભેગા થઈને કાર્ય થાય છે, નહીં તો કાર્ય થાય નહીં. એ સંજોગો ભેગા કરનારી એક શક્તિ છે, જે 'વ્યવસ્થિત' નામની શક્તિ છે.

આ તો 'વ્યવસ્થિત' ઉઠાડે છે અને 'વ્યવસ્થિત' સુવાડે છે. બધું 'વ્યવસ્થિત' જ કરાવે છે, પણ આ પોતાને સમજાતું નથી. બધા સંજોગો ભેગા થાય ત્યારે ખીચડી થાય. આમા ચૂલો એમ ના કહે કે 'મેં કરી', તપેલું એમ ના કહે કે 'મેં કરી', પણ આ મનુષ્ય એકલો જ બોલી ઊઠે કે 'મેં કરી.' કારણ કે બીજી બધી વસ્તુઓમાં અહંકાર નહીં ને ! અને આ મનુષ્ય એકલામાં જ અહંકાર, એટલે માની બેસે કે મેં જ કરી ! મેં કરી થયું કે પોતે કર્તા થઈ ગયો. અને કર્તા થયો તેનું તેને નિયમથી જ ભોક્તા થવું પડે. અને જ્યાં સાચું જ્ઞાન હાજર થાય કે આ તો બધા જ સંજોગો ભેગા થવાથી ખીચડી બની, મેં એકલાએ જ નથી કરી, તો તે કર્તા નથી થતો ને તેનું પછી ભોક્તાપણું પણ તેને આવતું નથી.

વૈજ્ઞાનિક સંયોગોથી ચાલે જગત

પ્રશ્નકર્તા : આપણે આ જગતને 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' એવું કહીએ છીએ, તો એમાં 'સાયન્ટિફિક' એટલે તો કૉઝ એન્ડ ઈફેક્ટ એમાં આવે પણ 'સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' એ હજુ પૂરું બરાબર સમજાતું નથી.

દાદાશ્રી : જેમ આ વકીલો શું કહે છે કે આંખે દેખ્યો એવિડન્સ. આંખે દેખાય એવા એવિડન્સ કહે છે. નથી કહેતા ? 'આઈ વિટનેસ' કહે છે ને ? તે શેનો પુરાવો કાઢે છે ?

પ્રશ્નકર્તા : જે જોયું હોય તેનો.

દાદાશ્રી : આ જોયું હોય તેનો આ બધો પુરાવો કાઢે છે જોયા ઉપરથી, શું શું જોયું હતું, કેવી રીતે જોયું હતું, એ આંખે દેખાતા પુરાવા. અને આ આંખે ના દેખાય એવા પુરાવા એટલે સાયન્ટિફિક, વૈજ્ઞાનિક. એમાં પૂર્વભવે જે કરેલો ભાવ તે સંયોગ, બીજા જોડે કેટલાય સંયોગ ભેગા થયા, ટાઈમ-સ્પેસ બધુંય, અત્યારે જે બેઠા છો ને, એ સ્પેસ પણ નક્કી હોય ત્યારે આ વાતચીત થાય, નહીં તો થાય નહીં. કોઈ કહેશે કે હું અમુક ટાઈમે આમ કરીશ. એ કશું ચાલે નહીં. એટલે ટાઈમ, સ્પેસ, બીજા ગયા અવતારના ભાવ, મારો સંજોગ, બીજા બધા કેટલા સંજોગો ભેગા થાય ત્યારે આ કાર્ય થયું !

એટલે આ જગત વૈજ્ઞાનિક સંયોગથી જ ચાલ્યા કરે છે. જેમ આંખે દેખ્યા એવિડન્સ કહે છે, એવું આ વૈજ્ઞાનિક, ગુહ્ય સંજોગો જે છતાં થાય, આપણને ખબર ના પડે બુદ્ધિથી, કે કયા

કયા સંયોગ ભેગા થાય. સંયોગી પુરાવા એક નહીં, અનેક સંયોગો બધા ભેગા થઈને આ કાર્ય થાય છે.

ધીસ ઈઝ બટ નેચરલ. આ કોર્ટમાં સરકમસ્ટેન્શિયલ એવિડન્સ હોય છે જ, પણ સાયન્ટિફિક નથી હોતા. તમારે, ત્યાં આંખે દેખાવા જોઈએ અને આ આંખે ના દેખાય એવા, વૈજ્ઞાનિક સંયોગો ! જેમ 2H (બે હાઈડ્રોજન) અને O (એક ઓક્સિજન) ભેગા થઈ જાય છે ને પાણી થઈ જાય છે. એ વૈજ્ઞાનિક સંયોગથી થયું. એવું આ વૈજ્ઞાનિક સંયોગો છે આ બધા.

મોંઘા પ્યાલા ફૂટ્યા તો...

હવે 'વ્યવસ્થિત શક્તિ એટલે શું ?' એ સમજાવું.

હવે નોકરના હાથમાંથી ટ્રે પડી જાય, એમાં વીસ પ્યાલા પડી જાય, વીસ પ્યાલા એટલે અત્યારે મોંઘા, બબ્બે રૂપિયાના કે ત્રણ-ત્રણ રૂપિયાના કપ-રકાબી થાય, વીસ તેરી સાઠ રૂપિયા. તરત મહીં અસર થાય કે ના થાય ? આ 'જ્ઞાન' ના લીધું હોય તો અસર થાય કે ના થાય લોકોને ? આ 'જ્ઞાન' ના લીધું હોય ને તો મહીં અકળાયા કરે. ત્યાં બધા બેઠા હોય એટલે બોલે નહીં કશું, પણ મહીં અકળાયા કરે કે આ બધા ઊઠે તો તરત મારું નોકરને ! હવે ખરેખર 'કોની ભૂલ છે' એ ભાન નથી ને આવું ને આવું મહીં કર્યા કરે છે ! અને નોકર તોડતો હોય તો રોજ ના તોડે એ ? આજે શી રીતે તોડ્યા ? નોકર જો તોડતો હોય તો રોજનું છે આ. આપણે એને કહીએ કે આ કપ-રકાબી નાખી દે, તોય ના નાખી દે. હું આ નાના નાના છોકરાં, બબ્બે, ત્રણ-ત્રણ વર્ષના છોકરાં હોય, તેમને કહું કે 'આ પ્યાલા-રકાબી બહાર નાખી આવ.' ત્યારે એ ખભા ચઢાવે ! ના નાખે કોઈ. હું કહું કે આ મારો બૂટ નાખી આવ, તો ના નાખી આવે.

કપ-રકાબી તૂટી ગયા, એટલે હવે પછી નોકરને તારે શું કહેવું જોઈએ ? એ તૂટી ગયા તો કયું જ્ઞાન હાજર થશે ?

પ્રશ્નકર્તા : 'વ્યવસ્થિત.'

દાદાશ્રી : હા. પણ એને એવું મોઢે ના કહીશ. નોકરને તો આપણે એમ કહેવું, કે 'ભઈ, તું દાઝ્યો નથી ને, બા ?' પછી આપણે 'ધીમે રહીને ચાલજે' એમ કહેવું. અને જો 'વ્યવસ્થિત' છે એવું એને બોલીએ તો બીજે દહાડે છોકરું પડી જાય તોય એ કહેશે, 'વ્યવસ્થિત.' તે આપણને ઊલટું બોલે. એટલે આપણે એને કહેવું, 'હુડ હુડ શું ચાલે છે ? આમ ધીમે રહીને ચાલ.' એને વઢવાનું નહીં. આપણે અંદર જાણવાનું કે આ ખાલી એને જ્ઞાન આપવા પૂરતું જ ચેતવણી આપીએ છીએ.

'વ્યવસ્થિત' કોનું નામ ? તમે ના ટોકો એય તમે 'વ્યવસ્થિત' સમજ્યા નથી. એને એવું ના કહેવું એય ગુનો છે. એને કહેવું, 'ભાઈ, તું જરા ધીમે રહીને લાવ્યો હોત ને, તો તૂટી ન જાત. તને કેવું લાગે છે ?' ત્યારે કહે, 'હા, ધીમે રહીને ચાલ્યો હોત તો ના તૂટી જાત.'

આપણા લોક તો નોકરના હાથમાંથી પ્યાલા ફૂટી જાય છે તે મહીં અકળાયા કરે છે. એ શું કરવા અકળાય છે ? આ વ્યવસ્થિત તોડે છે, નોકરે નથી તોડ્યા. અમથો શું કરવા અકળાયા કરે છે ? વ્યવસ્થિતના જ્ઞાન વગર માણસ બોલ્યા વગર બેસી ના રહે. નોકરના હાથે પ્યાલા ભાંગી ગયા એટલે (માલિક) મૂઓ બોલ્યા વગર રહે જ નહીં ને ! 'કેમ ભાંગી નાખ્યા ? તારા હાથ ભાંગલા છે કે આમ છે, તેમ છે ?' પણ હવે પ્યાલા ફૂટી ગયા તો ફોડનાર કોણ છે, એ 'વ્યવસ્થિત'નું જ્ઞાન આપ્યું છે એટલે કશું બોલવાનું જ નથી ને ! અને પાછું 'વ્યવસ્થિત' જ થયું.

પ્રશ્નકર્તા : હા, થયું તે 'વ્યવસ્થિત.'

દાદાશ્રી : હા, અવ્યવસ્થિત થતું જ નથી. અવ્યવસ્થિત દેખાય છે તે પણ 'વ્યવસ્થિત' છે. 'અવસ્થિત' એટલે બેટરી ચાર્જ કરેલું. 'વ્યવસ્થિત' એટલે ડિસ્ચાર્જ થાય તે. એટલે વાત જ સમજવાની જરૂર છે. તમારે 'વ્યવસ્થિત'ના જ્ઞાનથી ચાલે છે કે નથી ચાલતું ? બધું વ્યવસ્થિત જ ચાલે ને ?

પ્રશ્નકર્તા : બાકી વ્યવસ્થિત ચાલે છે પણ કો'ક વખત ડખો થઈ જાય.

દાદાશ્રી : થઈ જાય, પણ ખબર પડી જાય ને કે આ ભૂલ થઈ ?

પ્રશ્નકર્તા : હા, ભૂલ થઈ, ખબર પડી જાય.

દાદાશ્રી : કો'ક વખત પતંગ છે તે ગુલાંટ ખાય, તો બહુ ત્યારે આપણે દોરો ખેંચી લેવાનો. દોરો આપણા હાથમાં છે.

જગતમાં એક અક્ષરેય કોઈને કશો કહેવો નહીં. કહેવું એ રોગ છે એક જાતનો ! કહેવાનું થાય ને, તો એ રોગ મોટામાં મોટો ! બધા પોતપોતાનો હિસાબ લઈને આવેલા છે. આ ડખો કરવાની જરૂર શું તે ? અક્ષરેય બોલવાનો બંધ કરી દેજો. આ તેટલા માટે તો અમે 'વ્યવસ્થિત'નું જ્ઞાન આપ્યું છે. આ તમે 'જ્ઞાન' લીધેલું હોય અને તમારે ત્યાં થાય તો તમે સમજી જાવ કે આ 'વ્યવસ્થિતે' પ્યાલો તોડ્યો. અને તમને નોકર ઉપરેય ભાવ ના બગડે. અને સમજો કે 'વ્યવસ્થિતે' તોડ્યો.

બાકી, જગત બધું વ્યવસ્થિત છે. પણ આપણે ભૂલ ના કરવી. 'વ્યવસ્થિત' એટલે એવો અર્થ ના કરાય કે 'વ્યવસ્થિતમાં ફૂટવાનો હશે તો ફૂટશે' એમ કરીને પ્યાલો નખાય નહીં. એવું નાખે છે લોકો ? ત્યાં કેમ 'વ્યવસ્થિત' છે એવું નથી રાખતા ? પ્યાલો બચાવવાનો બધો જ પ્રયત્ન કરવા છતાં પડી ગયો ને ફૂટી ગયો પછી આપણે 'વ્યવસ્થિત છે', એવું કહીએ છીએ ને !

એટલે આ વ્યવસ્થિત શક્તિ તોડફોડેય કરે છે અને સપ્લાય પણ કરે છે. એટલે તમારે કશી ઉપાધિ નહીં રાખવાની.

વ્યવહારમાં જાગતા ઊંઘો

જગતવ્યવહાર ચલાવવા માટે આપણે કશું કરવાનું હોતું જ નથી. વ્યવહાર વ્યવસ્થિત ચલાવી જ લે છે, એક્ઝેક્ટ ચલાવી જ લે છે. આપણે ઊંઘી જઈએ તોય મહીં ખાવાનું પચે છે, તો પછી જગતમાં નહીં ચાલે ? એટલે આપણે શું કહ્યું કે થોડુંઘણું જાગતા ઊંઘવું પડે. જાગતા ઊંઘવું એટલે શું કે આપણે જાગતા હોઈએ અને પ્યાલો ફૂટે તો તે આપણે ઊંઘતા હોય ને પ્યાલો ફૂટે એવી અસર થવી જોઈએ. અસરમાં ફેર ના પડવો જોઈએ. આપણે ઊંઘતા હોય ને પ્યાલો ફૂટે ત્યારે કેવા ડાહ્યા રહીએ છીએ ? અને જાગતા ફૂટે ત્યારે કોણ વચ્ચે આમાં ભૂત પેઠું ? એ અહંકાર ને મમતાનું ભૂત પેઠું. એ ભૂતને આપણે ઓળખો એટલે પછી જાગતા ઊંઘાય એટલે ઉઘાડી આંખે ઊંઘવું, તો કશી ભાંજગડ જ નહીં ને ! અને તે શું ખોટું છે ?

એવું છે, હવે ચંદુભાઈને એમનું કામ કાઢી નથી લેવું, હવે તો આપણે આપણું કામ કાઢી લેવાનું છે. એટલે વસ્તુસ્થિતિમાં વ્યવસ્થિતને બહુ જ એડજસ્ટ કરી લો. બધો વ્યવહાર 'વ્યવસ્થિત' ચલાવી જ લે છે. કશું ડહાપણ કરવા જેવું નથી. ગમે તે ખોરાક પેટમાં નાખીએ છીએ ને રાતે ઊંઘી ગયા પછી કોણ ચલાવે છે ? મહીં પિત્તરસ, પાચકરસ બધું નાખવાનું એ બધું જ 'વ્યવસ્થિત' ચલાવે છે. હવે જે અંદર ચલાવે છે તે બહાર નહીં ચલાવે ? પણ આ તો બહાર વખતે પોતે જાગતો છે ને તેથી ડખો કર્યા વગર રહે નહીં ને ! એ જ આવતો ભવ ઊભો કરે છે અને એનું નામ જ આવતા ભવનો સંસાર ઊભો કર્યો. અને આમ

ઊંઘી ગયો હોય ને તે ઘડીએ પચ્ચીસ પ્યાલા ફૂટી ગયા હોય તોય વાંધો નથી. પછી બાઈસાહેબ શું કહેશે કે એમના જાગતા પહેલા બધા ટુકડા બહાર નાખી દો, નહીં તો એ જાગશે કે તરત ડખો કરશે. એટલે ઊંઘમાં જતું જ રહે છે ને, તેવું હવે ઉઘાડી આંખે ઊંઘો. પછી વ્યવહાર કેવો થાય છે તે તો જુઓ. આખી રાત ઊંઘે છતાં દાઢી એમ ને એમ ઊગે છે ને ? આ સવારે ઊઠ્યા તો આંખોથી દેખો છો ને ? ઊઠ્યા તો કાનથી તરત સંભળાય છે ને ? તો આ બધું એડજસ્ટમેન્ટ કોણે કર્યું ? એટલે હવે થોડુંક જાગ્રત થવાની જરૂર છે. વ્યવહારમાં પૂછે તો જ જવાબ આપવો, એમ ને એમ ડખલ કરવી જ નહીં.

વ્યવસ્થિતનો અર્થ - કોઈ દોષિત નહીં

આ બધું બોલે છે તેનું લઘુતમ કાઢો છો તમે ? આ બધું બોલે છે તેનું લઘુતમ કાઢી નાખો, એ સમજવાનું અને આ જગતમાં બધું 'વ્યવસ્થિત' છે. એટલે કોઈને એમ ના કહેશો કે 'તેં ખોટું કર્યું.' એવું તો કહેવાય જ નહીં, એવું વિચારાય નહીં. કહેવાની તો વાત ક્યાં ગઈ, બોલે તો સામાને ખોટું લાગે, પણ એવું વિચારાય પણ નહીં. તેથી અમે કહીએ છીએ ને, 'વ્યવસ્થિત' છે.

'વ્યવસ્થિત' શક્તિ કોણે બનાવી ? કોઈએ બનાવી નથી. પરીક્ષાનું રિઝલ્ટ (પરિણામ) કોણ આપે છે ? આપણું જ લખેલું, તેનું જ આ રિઝલ્ટ આવે છે ! એક્ઝેક્ટ 'વ્યવસ્થિત' લાગ્યું ને ?

'વ્યવસ્થિત'નો અર્થ શો ? કોઈ દોષિત છે જ નહીં ! જો તમે 'વ્યવસ્થિત' સમજો તો કોઈ તમને દોષિત દેખાશે જ નહીં.

અપેક્ષા અધૂરી તેય વ્યવસ્થિત

પ્રશ્નકર્તા : આ જ્ઞાન લીધું છે અને પછી સાધારણ વ્યવહારમાં અપેક્ષાઓ (સંસારની) રહ્યા કરે છે, આધ્યાત્મિક દૃષ્ટિએ અપેક્ષા. એ અપેક્ષા શું વસ્તુ છે ?

દાદાશ્રી : સંસારની અપેક્ષા એ બધી પૂરી થઈ જવાની, જેટલી અપેક્ષા છે એ બધી પૂરી થવાની આ ભવમાં જ.

પ્રશ્નકર્તા : એક વ્યક્તિ છે, વ્યવહારની અંદર એ વ્યક્તિની સામે આપણે અપેક્ષા રાખી કે આ માણસ આમ કરે, આ પ્રમાણે વર્તે, અને એ ન વર્તે ત્યારે શું કહેવાય ?

દાદાશ્રી : એ ન વર્તે તોય વ્યવસ્થિત અને વર્તે તોય વ્યવસ્થિત.

પ્રશ્નકર્તા : તેનું દુઃખ થાય છે તે ?

દાદાશ્રી : એ તપ છે, એ દુઃખ નથી. એ જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપ એ ચોથો પાયો છે. મોક્ષે જવાના ચાર પાયા જોઈએ, તેમાંથી ચોથો પાયો કાઢી નાખવો છે તમારે ? ત્રણ પાયાનો જ પલંગ રહેશે પછી !

પ્રશ્નકર્તા : પણ એ દુઃખ થાય, તે એ દુઃખને કેવી રીતે સમજવું ?

દાદાશ્રી : એ તપ છે, એ દુઃખ નથી ! હવે તમને દુઃખ તો આવે જ નહીં, તપ જ આવે છે. તે તપ તો આવવું જ જોઈએ ને ! અને 'આંતરિક તપ' કહેવાય છે આને.

પ્રશ્નકર્તા : એવું ઘણું તપ આવે છે.

દાદાશ્રી : એ જેટલું વધારે આવે ને, એટલું જાણવું કે આ ચોખ્ખું થવા માંડ્યું. એટલે આવવા દો. હજુ તો આપણે કહેવું કે 'હજુ તમે ઓછા આવો છો, બધા આવો !'

પ્રશ્નકર્તા : બોલાવીએ છીએ...

દાદાશ્રી : હા, બોલાવો, બોલાવો, દાદા

મળ્યા છે હવે. 'આવવું હોય તો આવો, ગભરાશો નહીં' કહીએ. એ લોકો ગભરાય, પણ આપણે ના ગભરાઈએ !

અમે જે 'વ્યવસ્થિત' કહેલું છે, એ એક્ઝેક્ટ જોઈને કહ્યું છે. એટલે નિશ્ચિંત રહેવા જેવું છે. આ જેટલું ડિસાઈડેડ છે એટલું જ થશે, અનડિસાઈડેડ કશું થવાનું નથી. આ જ્ઞાન આપતા પહેલા ડિસાઈડ થઈ ગયેલું છે. એટલે અમે 'વ્યવસ્થિત' કહેલું આ. એટલે તમે નિર્ભય થઈ જાઓ. નિર્ભય થઈને પણ તમારા શુદ્ધ ઉપયોગમાં રહ્યા કરો. શુદ્ધ ઉપયોગમાં રહેવું, એટલે 'હું શુદ્ધ જ છું.'

ભમરડા બધા વ્યવસ્થિતને તાબે

પ્રશ્નકર્તા : પતિનો ભય, ભવિષ્યનો ભય, એડજસ્ટમેન્ટ લેવા દેતા નથી. ત્યાં આગળ 'આપણે એને સુધારનાર કોણ ?' એ યાદ રહેતું નથી ને સામાને ચેતવણીરૂપે બોલાઈ જાય છે.

દાદાશ્રી : એ તો 'વ્યવસ્થિત'નો ઉપયોગ કરે, 'વ્યવસ્થિત' ફિટ થઈ જાય તો કશો વાંધો આવે તેમ નથી. પછી કશું પૂછવા જેવું જ ના રહે. ધણી આવે એટલે થાળી-પાટલો મૂકીને કહીએ, કે 'ચાલો જમવા !' એમની પ્રકૃતિ બદલાવાની નથી. જે પ્રકૃતિ આપણે જોઈને, પસંદ કરીને, પૈણીને આવ્યા, તે પ્રકૃતિ ઠેઠ સુધી જોવાની. માટે પહેલે દહાડે શું નહોતા જાણતા કે આ પ્રકૃતિ આવી જ છે ? તે જ દહાડે છૂટું થઈ જવું હતું ને ? વટલાયા શું કરવા વધારે ? આ કચકચથી સંસારમાં કશો ફાયદો થતો નથી, નુકસાન જ થાય છે. કચકચ એટલે કકળાટ ! તેથી ભગવાને એને 'કષાય' કહ્યા.

પ્રશ્નકર્તા : પ્રકૃતિ ના સુધરે, પણ વ્યવહાર તો સુધારવો જોઈએ ને ?

દાદાશ્રી : વ્યવહાર તો લોકોને આવડતો જ નથી. વ્યવહાર કો'ક દહાડો આવડ્યો હોત, અરે ! અડધો કલાકેય આવડ્યો હોત તોય ઘણું થઈ ગયું ! વ્યવહાર તો સમજ્યા જ નથી. વ્યવહાર એટલે શું ? ઉપલક ! વ્યવહાર એટલે સત્ય નહીં. આ તો વ્યવહારને સત્ય જ માની લીધું છે. વ્યવહારમાં સત્ય એટલે 'રિલેટિવ' સત્ય. તે અહીંની નોટો સાચી હોય કે ખોટી હોય, બેઉ 'ત્યાં'ના સ્ટેશને કામ લાગતી નથી. માટે મેલ પૂળો આને અને આપણે 'આપણું' કામ કાઢી લો. વ્યવહાર એટલે દીધેલું પાછું આપીએ તે. હમણાં કોઈ કહે, કે 'ભઈ, તમારામાં અક્કલ નથી.' તો આપણે જાણીએ કે આ દીધેલું જ પાછું આવ્યું ! આ જો સમજો તો તેનું નામ વ્યવહાર કહેવાય. અત્યારે વ્યવહાર કોઈને છે જ નહીં. જેને વ્યવહાર વ્યવહાર છે, એનો નિશ્ચય નિશ્ચય છે.

આ તમારો ઉપાય એ નુકસાનકારક છે. આ ન હોય ઉપાય. આ તો એક જાતનો ઈગોઈઝમ છે. હું આને આમ સુધારું, તેમ સુધારું એ ઈગોઈઝમ છે. આપણે શું કહેવા માગીએ છીએ કે પહેલો તું સુધર. તમે એકલા જ બગડેલા છો, એ તો સુધરેલા જ છે !

અમે તો એટલું જાણીએ કે આ ઝઘડ્યા પછી (પત્ની)ની જોડે વહેવાર જ ના માંડવાનો હોય તો જુદી વાત છે. પણ ફરી બોલવાનું છે, તો પછી વચ્ચેની બધી જ ભાષા ખોટી છે. ઝઘડા થતા હોય ત્યારે લક્ષમાં હોવું જોઈએ કે આ કર્મો નાચ નચાવે છે. પછી એ નાચનો જ્ઞાનપૂર્વક ઉકેલ લાવવો જોઈએ.

પ્રશ્નકર્તા : ઝઘડા કરનાર બન્ને જણાએ આ સમજવું જોઈએ ને ?

દાદાશ્રી : ના, આ તો 'સબ સબકી સમાલો.' આપણે સુધરીએ તો સામેવાળો સુધરે. આ તો વિચારણા છે, કે ઘડી પછી જોડે બેસવાનું છે, તો પછી કકળાટ શાને ? શાદી કરી છે તો કકળાટ

શાને ? તમારે ગઈકાલનું ભૂલાઈ ગયું હોય ને અમને તો બધી જ વસ્તુ 'જ્ઞાન'માં હાજર હોય. આ તો અજ્ઞાનથી માને છે કે એ ચઢી વાગશે. કોઈ અમને પૂછે તો અમે કહીએ, કે 'તુંય ભમરડો ને એય ભમરડો, તે શી રીતે ચઢી વાગશે ? એ કંઈ એના તાબામાં છે ?' તે એ 'વ્યવસ્થિત' (સંજોગો) ના તાબામાં છે.

પ્રશ્નકર્તા : વ્યવહારમાં રહેવાનું તો એડજસ્ટમેન્ટ એકપક્ષી તો ના હોવું જોઈએ ને ?

દાદાશ્રી : વ્યવહાર તો એનું નામ કહેવાય કે એડજસ્ટ થઈએ. એનો વ્યવહાર સારામાં સારો ગણાય. જેની જોડે ના ફાવે ત્યાં જ શક્તિ કેળવવાની છે. ફાવ્યું ત્યાં તો શક્તિ છે જ. ના ફાવે એ તો નબળાઈ છે. મારે બધા જોડે કેમ ફાવે છે ? જેટલા એડજસ્ટમેન્ટ લેશો તેટલી શક્તિઓ વધશે.

પ્રશ્નકર્તા : ઘણી વખત એમ બને કે એક સમયે બે જણ સાથે એડજસ્ટમેન્ટ એક જ વાત પર લેવાનું હોય, તો તે જ વખતે બધે શી રીતે પહોંચી વળાય ?

દાદાશ્રી : બેઉ જોડે લેવાય. અરે, સાત જણ જોડે લેવાનું હોય તેય લઈ શકાય. એક પૂછે, 'મારું શું કર્યું ?' ત્યારે કહીએ, 'હા બા, તારા કહ્યા પ્રમાણે કરીશું.' બીજાનેય એમ કહીએ, 'તમે કહેશો તેમ કરીશું.' 'વ્યવસ્થિત'ની બહાર થવાનું નથી, માટે ગમે તે રીતે ઝઘડો ના ઊભો કરશો. મુખ્ય વસ્તુ એડજસ્ટમેન્ટ છે. 'હા'થી મુક્તિ છે. આપણે 'હા' કહ્યું તો પણ 'વ્યવસ્થિત'ની બહાર કંઈ થવાનું છે ? પણ 'ના' કહ્યું તો મહા ઉપાધિ !

વ્યવસ્થિતને આપણી ઉપર બેસાડવું

હવે સરસ રસોઈ બનાવી હોય, સરસ કેરી હોય, ફર્સ્ટ ક્લાસ રસ કાઢ્યો હોય. રસ-રોટલી વાઈફે બનાવી હોય અને પછી ટેબલ ઉપર જમવા બેઠા, તો પછી જરાક સહેજ કઢી ખારી થઈ હોય ને, તો કહેશે, 'કઢું આવું કર્યું ?' તે પછી એ બધું બગાડે. હવે એમણે કર્યું હોય તો વઢીએ. કોણે કર્યું ?

પ્રશ્નકર્તા : 'વ્યવસ્થિતે.'

દાદાશ્રી : આપણું જ, ભોગવનારના પ્રારબ્ધનું જ આ. એટલે આપણે ના ખાવું હોય તો ના ખાઈએ અને બીજું બધું જમી લઈએ. પછી વાઈફ પૂછે, 'તમે બોલ્યા નહીં, કઢી ખારી હતી તે !' ત્યારે આપણે કહીએ, 'તમે જમશો ત્યારે તમે ના જાણો ? કંઈ તમને ખબર પડે ને ! મારે વળી કહેવાની શી જરૂર ?'

અને દેહ ધારણ થયો છે, તે દેહ તો એનું લઈને આવ્યો હશે ને ? હિસાબ તો લઈને આવ્યો હશે ને ? દાઢી કરવાની ઈચ્છા નથી તોય થયા કરે છે, ત્યારે રોટલા નહીં મળે ? એક ઘડીમાં જો કદી આ પ્રકૃતિ રિસાય ને, તો આ ઊઘાડી આંખે લાઈટ બંધ થઈ જાય બિલકુલ, એવું આ જગત છે. તો લાઈટ ચાલુ રહે છે, તો કેમ રોટલા નહીં મળે ? એટલે કશાની ફિકર-ચિંતા નહીં. વ્યવસ્થિત એવું છે ને, બધું લઈને આવેલું છે તમારું. એટલે ફિકર-ચિંતા જેવું છે નહીં.

છતાં વ્યવસ્થિત ઉપર બેસવું નહીં કોઈ દા'ડોય. વ્યવસ્થિતને આપણી ઉપર બેસાડવું, એની ઉપર બેસવું નહીં. એની ઉપર બેસો તો તો વેશ થઈ પડશે. વ્યવસ્થિત સંભારવાનું ના હોય. જ્યારે ખાવાનું ના મળે તે દા'ડે છે તે વીતરાગ ભગવાનની કહેલી આજ્ઞા આરાધનપૂર્વકનો ઉપવાસ. આ તો મળે, તે દા'ડે કહેશે, 'આજે મારે ઉપવાસ છે.' બીજે દા'ડે ઠેકાણું ના હોય, ત્યારે પછી અમુક અમુક મૂક્યું, ત્યારે કષાય કર્યા કરે, 'આ કંઈથી વહોરી લાવ્યા આવું ? આ ઠંડા રોટલા ને આ બધું ?' ત્યારે મૂઆ, કષાય કરવા હોય તો ઉપવાસ ના

કરીશ, અને ઉપવાસ કરવા હોય તો કષાય ના કરીશ. કષાય માટે ઉપવાસ નથી કરવાના, કષાય કાઢવા માટે ઉપવાસ કરવાના છે.

પહેલા સાવધાની, પછી વ્યવસ્થિત કહેવું

એક બઈ આવીને કહે છે કે આ છોકરો મને એટલી બધી ગાળો દે છે, કશું કમાતો તો છે નહીં, નોકરી જતી રહી છે. હું જાતે ચાર કલાક જઈને દોઢસો ડોલર લઈ આવું છું. મકાન ઘરનું છે. થોડો ભાગ ભાડે આપ્યો છે, આમ ગાડું ચાલે છે. બહુ ભાડું આવતું નથી, પણ આ દોઢસો છે તે એના ઉપરથી ચલાવીએ છીએ. આખો દહાડો કકળાટ કરીને મને હેરાન હેરાન કરી નાખે છે. દાદા, હું શું કરું ? આ એકનો એક છોકરો છે હવે ! આમ પજવીને તેલ કાઢી નાખે છે. તે મને કહી દીધું તે સારું થયું. પછી પેલા ભઈને બોલાવ્યો. 'અલ્યા મૂઆ, કમાતો નથી ને ઉપરથી પાછું શિરજોરી કરું છું ! શિરજોરી આજથી બંધ કરી દે. અક્ષરે બોલીશ ?' ત્યારે કહે, 'નહીં બોલું. અત્યારથી બંધ.' પછી બઈને પૂછયું, 'ના, અક્ષરે બોલતો નથી.'

મારે ત્યાં તો પોલીસ ડિપાર્ટમેન્ટ, બધા ડિપાર્ટમેન્ટ છે. એકલું સિવિલ ના હોય. સિવિલ ચાલે નહીં એકલું. સિવિલ એકલું ચાલતું હશે ?

પ્રશ્નકર્તા : ના ચાલે.

દાદાશ્રી : આપણે ત્યાં તો પોલીસ ડિપાર્ટમેન્ટ. એટલે બધા ઊંધા-ચત્તા કરીને આવે તે બધાને (કહેવું પડે.)

પ્રશ્નકર્તા : આપણે છોકરાને ભણવા માટે મૂક્યો હોય અને ત્યાં એ ખોટી રીતે પૈસા વાપરતો હોય, ધ્યાન ના રાખે, નાપાસ થાય, તો આપણે વ્યવસ્થિત જ સમજવાનું કે પછી કંઈ કરવાનું ?

દાદાશ્રી : કંઈ કરવાનું, વ્યવસ્થિત નહીં સમજવાનું.

પ્રશ્નકર્તા : એટલે આપણે કહીએ છીએ ને કે બધું વ્યવસ્થિત છે, એટલે એ માની લેવાનું ?

દાદાશ્રી : એવું કહેવાય નહીં ને !

પ્રશ્નકર્તા : શું કરવાનું ત્યારે ત્યાં ?

દાદાશ્રી : વ્યવસ્થિત એટલે આંખો મીંચીને ચાલવું એનું નામ વ્યવસ્થિત નહીં. ઊઘાડી આંખે ચાલો અને સાવધાનીપૂર્વક ચાલવાનું, પછી અથડાય એ વ્યવસ્થિત. વ્યવસ્થિતનો અર્થ સમજો. ઊઘાડી આંખે ચાલો અને સાવધાનીપૂર્વક ચાલો.

પ્રશ્નકર્તા : એટલે ત્યાં આગળ છોકરા જોડે શું પગલાં લેવા ?

દાદાશ્રી : એને સમજાવાના. બીજું મારામાર કરવાનું હોય જ નહીં ને !

સામો સુધરે એ માટે આપણા પ્રયત્નો રહેવા જોઈએ, પણ જે પ્રયત્નો રિએક્શનરી હોય એવા પ્રયત્નોમાં ના પડવું. આપણે એને ટૈડકાવીએ ને એને ખરાબ લાગે એ પ્રયત્ન ના કહેવાય. પ્રયત્ન અંદર કરવા જોઈએ, સૂક્ષ્મ રીતે ! સ્થૂળ રીતે જો આપણને ના ફાવતું હોય તો સૂક્ષ્મ રીતે પ્રયત્નો કરવા જોઈએ.

પ્રશ્નકર્તા : એટલે સુધારવા માટેની ભાવના, પ્રયત્નો કરવા જોઈએ ખરા ?

દાદાશ્રી : પ્રયત્ન કરવા જોઈએ, પણ પ્રયત્ન એને નુકસાન કરે એવા ન હોવા જોઈએ. એને હેલ્પ થાય એવા કરવા જોઈએ. ત્યાં એ પ્રયત્નમાં સમતા રાખવી બહુ મુશ્કેલ છે, ત્યાં સમતા રાખવી જોઈએ.

અમે તો માથે હાથ ફેરવીને કહીએ કે ભઈ, આ ના થવું જોઈએ. પ્રેમથી કહીએ, અમને દ્વેષ ના હોય એની પર અને તમારામાં દ્વેષ હોય જ

એને માટે, આ ખરાબ છે એટલે. પણ એ દ્વેષ કાઢી નાખીને જો કરો તો કામ થાય. દ્વેષની ઊલટી કરી નાખવી જોઈએ.

શાંતિ માટે 'બન્યું તે વ્યવસ્થિત' જાણ

આ જ્ઞાન જ બધું કામ કરે. બીજું કોઈ કરતું નથી, જ્ઞાન જ કામ કરે. જ્ઞાન જ જાણવાની જરૂર છે. પેલુ જ્ઞાન તો મળી ગયું, 'હું કોણ છું' એ જ્ઞાન તો મળી ગયું. પણ જો આ વ્યવહારિક જ્ઞાનનું બધું જાણવાનું મળે, પછી ડખો રહે નહીં કોઈ જાતનો.

બધા સંજોગો ભેગા થઈને બાબો એક કાર્ય કરતો હોય ત્યાં આપણે એની ઉપર ચિઢાયા કરીએ, એને ધીબ ધીબ કરીએ, એનો શું મિનિંગ છે તે ? કારણ કે ગયા અવતારમાં પુરુષાર્થ કર્યો હોય, તે અવળો કર્યો હોય તેને લઈને આ પરિણામ આવ્યું. તેને આપણે કહેવાય કે કેમ આ બગાડ્યું ? ના, અત્યારે ભાવ બગડ્યા હોય એવું કર્યું હોય તેને એમ કહેવાય કે ભઈ, તમે આ ફેરવી નાખો. પણ આ પરિણામ કંઈ ફેરવાય ? તમને કેમ લાગે છે ?

પ્રશ્નકર્તા : ના ફેરવાય.

દાદાશ્રી : એટલે એને ફેરવવા જાય છે, પણ કશું સુધરતું નથી. એટલે મા-બાપને અસંતોષ રહ્યા કરે છે. એટલે આ એનો ભેદ સમજી અને પછી ઉકેલ લાવવો જોઈએ. આપણે સમજીએ કે આ એય સંજોગોમાં છે, આપણા હાથમાં નથી કશું. સરકમસ્ટેન્શિયલ એવિડન્સમાં આવે તો તેમ પાછું એવું માનીયે ના લેશો. એ જો માની લેશો તો એ તરફી તમારું મન થઈ જશે. હું એવું નથી કહેતો. તમારે આ તરફી રહેવું અને પેલી તરફનું જાણવું, બેઉ કરવું. સમજાયું ને કે અમથા હા એ હા કરો છો ?

પ્રશ્નકર્તા : ના, સમજાય છે.

દાદાશ્રી : ઈગોઈઝમ હોય જ. કાં તો જ્ઞાન લીધેલું હોય, તો પેલો જીવતો ઈગોઈઝમ ના હોય. પણ પેલો મડદાલ તો હોય જ ને ! એ અહંકાર ભગ્ન તો કરાય જ નહીં, તેમ એને ખોટું એન્કરેજેય ના કરાય ! કારણ કે કો'ક ફેરો કાચા પડી જાવ પણ એ ખોટું ને એકંદરે એવું ન જ થવું જોઈએ ને ! માટે તમારે બાળકોનું સાચવવાનું. આ બે જ છે ને ! બીજા તો પારકા હોય. એ જોખમદારી પારકાની. આપણે તો ખવડાવીએ-પીવડાવીએ આ બેની જોખમદારી આપણી. હવે આમનું ના સાચવીએ તો હુંય તમને કહું, અને લોકોય કહેવા આવે કે આ છોકરાંનું જોતા નથી. તમને લાગતું-વળગતું, તેની આ ભાંજગડ હોય.

અને આ વાત તમને બહુ હેલ્પફુલ થઈ પડશે. તમે એક જ વાત કરો, આ સુધરવું જોઈએ, સુધરવું જોઈએ. અલ્યા, લોક સુધરે નહીં. આવી રીતે સુધારાતું હશે ? બધાને કાચની પેઠે સાચવું છું. કારણ કે તમે તો એવી ભૂલચૂક કરી દો, પણ મારાથી કેમ ભૂલચૂક થાય ? તમને સાચવતો હોઈશ કે નહીં સાચવતો હોઈશ ? તમને સાચવું કે ના સાચવું ? સાચવું. ફસાયેલો છે છોકરો, એને સંજોગો બરોબર આમ ચુસ્ત છે. એટલે એને સમજાવીને કહેવાનું. આમ તેમ એના ભાવ છે તે બદલ બદલ કર્યા કરવાના.

નહીં તો આપણે એને શું કહીશું, કે તું આ છોડી દે, છોડી દે ! એટલે બહુ કહીએ ને, ત્યાર પછી શું કહે મનમાં ? મોઢે કહે કે 'હા, છોડી દઈશ.' પણ અંદર કહે, 'હું વધારે કરીશ.' લ્યો ! બહુ છંછેડ છંછેડ કરીએ એટલે શું થાય ? કેમ બોલતા નથી ?

પ્રશ્નકર્તા : વધારે કરે.

દાદાશ્રી : હં, એ હદ ના ચૂકો. એમનેય ઈગોઈઝમ હોય છે. એ કંઈ ઈગોઈઝમ વગર રહે ?

પ્રશ્નકર્તા : ના.

દાદાશ્રી : તો સામાનો ઈગોઈઝમ તોડીએ, તે ઘડીએ તે પોતાની જાતને સટ્ટામાં મૂકી દે. છોકરાંનો અહંકાર જાગે, ત્યાર પછી તેને કશું કહેવાય નહીં. જે થવાનું હશે એ થશે, પણ કરવાનો જ, કહેશે. આવું ના કરો. એને સાચવો, એના ઈગોઈઝમને સાચવો. હું કાચની પેઠે સાચવું છું.

આપણે જો ગુસ્સો કરીએ એટલે આપણું પહેલું બગડ્યું, પછી એનું બગડે પાછું. આમાં આપણે કકળાટ ક્યાં કરીએ ? અને આપણે ના હોત તો શું થાત ? 'વ્યવસ્થિત'ના તાબામાં છે અને (આપણે) વગર કામનો ડખો કરીએ છીએ.

વ્યવસ્થિતથી વિરમે વેર

પ્રશ્નકર્તા : વ્યવહારમાં અત્યારે કોઈને માટે કંઈ આમ સહેજ વેરભાવ જેવું પણ ઊભું થાય, પણ તરત જ પાછું વ્યવસ્થિત અને સમભાવે ફાઈલોનો નિકાલ આવી જાય. એટલે પેલું ઊડી જાય તરત જ.

દાદાશ્રી : એ બરોબર છે.

પ્રશ્નકર્તા : જે સમકિતનું પ્રાપ્ત થયું છે, એમાં કંઈ આઘુંપાછું નહીં થઈ જાય ને ? એવો પ્રશ્ન ઊભો થાય, છતાં અંદર આઘુંપાછું થશે એવીય શંકા નથી.

દાદાશ્રી : એ તો મોઢું હઉ બગડી જાય, પણ તે પોતે જાણે કે મોઢું બગડી ગયું છે.

પ્રશ્નકર્તા : પહેલા ચાર દિવસ સુધી જે પરિણામ ઊભા થતા હતા, તે હવે વ્યવસ્થિતને તાબે સોંપી દીધું છે. સમભાવે ફાઈલનો નિકાલ કરવો છે, એટલે એક-બે મિનિટ પેલું ઊભું થાય, પણ તરત જ પાછું શમી જાય.

દાદાશ્રી : આ વ્યવસ્થિત જ છે એક્ઝેક્ટ. મન-વચન-કાયાના જે પણ કોઈ પરિણામ થાય, તો એ વ્યવસ્થિત છે, એને જોવાનું ફક્ત.

પ્રશ્નકર્તા : એટલે આ જે વ્યવસ્થિતની દૃષ્ટિ છે, એટલે પોતાના મન-વચન-કાયા ગમે તે કરે, ત્યાં પણ વ્યવસ્થિતની જાગૃતિમાં રહેવાનું અને સામાના મન-વચન-કાયા ગમે તે કરે, ત્યાં પણ એ જ જાગૃતિમાં રહેવાનું, એવું જ ને ?

દાદાશ્રી : પુદ્ગલ પુદ્ગલનું કરે છે, આત્મા એ જોયા કરવાનું.

વ્યવસ્થિત સમજાતા બે ખોટ ના ખાઈએ

એકનો એક છોકરો મરી જાય તોય એ 'વ્યવસ્થિત' થાય છે, પણ આ તો એ એના લોભને લઈને, એના સ્વાર્થને લઈને રડે છે, એટલે એ અવ્યવસ્થિત માને છે. આ ગજવું કપાય છે તેય વ્યવસ્થિત જ છે; પણ પાછો સ્વાર્થને લઈને, લોભને લઈને બૂમાબૂમ કરે છે. નહીં તો રડારડ કરવાથી પાછું આવે ? કેમ ? છ મહિના સુધી રડ રડ કરે તો ?

પ્રશ્નકર્તા : તોય ના આવે.

દાદાશ્રી : છતાં લોકોને કલ્પાંત કરેલા જોયેલા ને ? શાથી કલ્પાંત કહેતા હશે ? એક આખા 'કલ્પ'ના અંત સુધી ભટકશે. રડે, માથા ફોડે અને પછી કહેશે, 'ડૉક્ટર બોલાવી લાવો.' આપણે કહીએ કે ફરી ડૉક્ટર ના બોલાવવાના હોય તો ફોડજો, નહીં તો હમણે રહેવા દો ને !

પ્રશ્નકર્તા : આટલા બધા વર્ષો બગડે છે એવી સમજણ નથી.

દાદાશ્રી : એમને ભાન જ નથી ને ! એટલા માટે પુસ્તકોમાં આ બધું આપણે લખ્યું છે કે 'કલ્પ'ના અંત સુધી ભટકવાનું થશે તારે. એનું નામ કલ્પાંત. કલ્પાંતનો અર્થ કોઈએ કર્યો નથી ને ? તમે આજ પહેલી વખત સાંભળ્યો ને ?

પ્રશ્નકર્તા : પહેલી વખત સાંભળ્યો.

દાદાશ્રી : એટલે આ 'કલ્પ'ના અંત સુધી ભટકવાનું થાય અને લોક શું કહે ? બહુ કલ્પાંત કરે. અરે મૂઆ, કલ્પાંત એટલે પૂછ તો ખરો, કે કલ્પાંત એટલે શું ? તે કો'ક જ માણસ કલ્પાંત કરે. કલ્પાંત તો એકનો એક છોકરો હોય ને, આવી સ્થિતિ હોય ને તો જ બને કલ્પાંત.

ભગવાન કહે છે કે ચિંતા કરનારાને બે દંડ છે અને ચિંતા ના કરનારાને એક જ દંડ છે. એકનો એક જવાન છોકરો અઢાર વર્ષનો મરી જાય તેની પાછળ જેટલી ચિંતા કરે છે, જેટલું દુઃખ કરે છે, માથું ફોડે, બીજું બધું જે જે કરે, તેને બે દંડ છે અને આ બધું ના કરે તો એક જ દંડ છે. છોકરો મરી ગયો એટલો જ દંડ છે અને માથું ફોડ્યું તે વધારાનો દંડ છે. અમે એ બે દંડમાં કોઈ દહાડોય ના આવીએ. એટલે અમે આ લોકોને કહ્યું છે, કે 'પાંચ હજાર રૂપિયાનું ગજવું કપાય એટલે 'વ્યવસ્થિત' કરીને આગળ ચાલવાનું ને નિરાંતે ઘેર જવાનું !'

આ એક દંડ તે આપણો પોતાનો હિસાબ જ છે. માટે ગભરાવાનું કોઈ કારણ નથી. તેથી મેં 'વ્યવસ્થિત' કહ્યું છે, એક્ઝેક્ટ 'વ્યવસ્થિત' છે. માટે થઈ ગયું છે એને તો બરાબર, કરેક્ટ એમ કહીએ ! એકનો એક છોકરો મરી ગયો તો 'કરેક્ટ છે' એમ કોઈને ના કહેવાય. ત્યાં તો એમ કહેવું પડે, કે 'બહુ ખોટું થઈ ગયું.' દેખાડો કરવો પડે. ડ્રામેટિક કરવું પડે. બાકી અંદરખાને 'કરેક્ટ જ છે' એમ કરીને ચાલવું.

અમારા એક ઓળખાણવાળા ભાઈના વાઈફ પાંચ છોડીઓ મૂકીને મરી ગયા, ત્યારે ત્યાં આગળ હું જોવા ગયેલો. તે પછી એક ડૉક્ટરના મનમાં એમ થયું કે આ ભલા આદમી હમણાં તૂટી પડશે. ત્યારે એ પોતે કહે, 'ના, એવું કશું નથી. હું દાદાના જ્ઞાનમાં રહ્યો !' ઓફ થઈ ગયા કે તરત 'વ્યવસ્થિત' સમજીને કમ્પ્લીટ ક્લિયર ! પાંચ નાની નાની છોડીઓ મૂકીને મરી જાય ત્યારે શું થાય ? હા, પણ શું કરવાનું પછી ? માથા ફોડે, તો ફરી કંઈ આવવાના છે ? આપણું 'વિજ્ઞાન' શું કહે છે ? 'વ્યવસ્થિત' થઈ ગયું. એ બે ખોટ અજ્ઞાની ખાય. એક તો ગયું એ ગયું અને પાછું ઉપરથી માથા ફોડે ને ઉપાધિ. આપણે તો ફક્ત ગયું એટલું જ લમણે લખેલી ખોટ ગઈ એટલી જ ગઈ. બે નહીં ને ? લમણે લખેલી ખોટ એ તો છોડે નહીં ને ! તે એ બે ખોટ નથી ખાતા ને ? એકુંય દહાડો નહીં ? એનું નામ વિજ્ઞાન કહેવાય.

મંડાયો એકડો પછી ચઢે મીંડા...

પ્રશ્નકર્તા : એટલે આપ કહો છો કે 'વ્યવસ્થિત'નો તમે કેવી રીતે ઉપયોગ કરો છો, તે એ પ્રસંગ જ્યારે થાય તે વખતે આ જે થયું છે તે સરકમસ્ટેન્શિયલ એવિડન્સિસ બધા ભેગા થયા તેને લીધે જ આ થયું છે, એમ સમજી લેવાનું ?

દાદાશ્રી : આપણે જતી વખતે ઘરમાં સાતેય માણસ જીવતા હતા અને આવ્યા ત્યારે ગુંડાઓએ કાપી નાખ્યા, તો આપણને કશુંય મહીં ફેરફાર નહીં. આ 'વ્યવસ્થિત' છે, આપણે શુદ્ધાત્મા ! આ તો હિસાબ હતા તે ચૂકતે કર્યા. હવે એની પાછળ રડારડ કરશો તો કંઈ સાજા થવાના નથી. આ તો ઘાંટાઘાટ કરો તો તમારો ઘાંટો બેસી જાય એટલું જ. એ બધું જોયેલું જ્ઞાનીઓએ ! જ્ઞાનીઓના આધારે ચાલો ને !

એકડો કરીએ ત્યારે બીજી સંખ્યામાં પેસીએ ને !

પ્રશ્નકર્તા : ઓહોહો ! મોટી વાત છે.

દાદાશ્રી : એકડો કરીએ તો સંખ્યામાં પેસીએ ને ! એકડો જ કર્યો નહીં ને, મીંડું મીંડું ! સંખ્યામાં પેસીએ ત્યારે ગોટાળો વળે ને !

આ બધા ગોટાળા સંખ્યામાં પેઠા તેના. હવે જેને જે જગ્યામાં પેસવા માગતો નથી ને, તેને સમાધાન થઈ જાય છે અને જેને વહેમ છે કે સંખ્યામાં પેસવા જેવું છે. તેને માટે કોર્ટો હોય, એ કોર્ટમાં હઉ જાય અને જવાની છૂટ છે. વ્યવસ્થિત શું કહે છે કે તું કોર્ટમાં પણ જા, કોર્ટમાં જવાનો વાંધો નથી. કોઈ પણ બાબતે એ કરો ને, તો કોર્ટમાં જવાનું. મહીં અહીં ઝીરો ના કરી શકતું હોય, તો કોર્ટમાં જવું પડે. તો કોર્ટમાંય પણ એની જોડે 'ચાલ, ચા-બા પીએ' રાગ-દ્વેષ રહિત કરો. આત્મા થઈને કોર્ટ કરો. કારણ કે હિસાબ છે. તમે આજે આ કોર્ટ ગોઠવી નથી, પહેલા અજ્ઞાન દશામાં ગોઠવેલી છે, માટે આ જોવાની છે. અજ્ઞાન દશાની ગોઠવેલી વસ્તુઓ 'જોવાની' છે.

અને જ્ઞાનીઓ તો ત્યાં ને ત્યાં જ મીંડું વાળી દે. સાતે જણને કાપી નાખ્યા હોય ને, જોતાની સાથે જ મીંડું વાળી દે. પાડોશી કહે, 'શું દાદા તમને બહુ અડચણ પડતી હશે ને આ બધી ?' ત્યારે કહે, 'હા, બહુ, શું થાય ?' અટાવી-પટાવીને વાત કરીએ. પાડોશી જોડે એવું બોલે ને કે 'અમને કશું થાય નહીં. આમ છે ને તેમ છે.' એ પાછા પાડોશીઓ બધા મશ્કરીઓ કરે મહીં. એના કરતાં, 'ભઈ, શું થાય, અમને બહુ દુઃખ થાય છે !' એવું પટાવીને કામ થાય.

પ્રશ્નકર્તા : કોઈ પણ વસ્તુની શરૂઆત કરી હોય તો બધું લંઘર એને લાગે ને ! એકડો માંડ્યો હોય તો પછી બધા આંકડા એને મંડાય ને !

દાદાશ્રી : એટલે એમાં ફરી એકડો માંડવો નહીં એવું કહેવા માગતા હતા. હવે પહેલા એકડા મંડાઈ ગયા એ મંડાઈ ગયા, પણ હવે મીંડા કર કર કર્યા કરવા.

કાપી નાખે ને આપણે જોઈએ તો આપણો એકડો ન થવો જોઈએ. મીંડું કરી દેવાનું. તમને સમજ પડી ?

પ્રશ્નકર્તા : એટલે મૂળ શરૂઆત જો કરી હોય, એટલે એકડો જો માંડ્યો હોય તો એને મીંડા ચઢે.

દાદાશ્રી : એવું નહીં. આપણે ઘેર આવીએ ત્યારે ગુંડાઓએ બધાય માણસોને કાપી નાખેલા હોય, અને આ જ્ઞાન તો આપણી પાસે છે જ, તો હવે આપણે શું શું કરવું અહીં આગળ ? એકડો માંડીએ એટલે આ પૌદ્ગલિક વિચાર કરીએ તો છે તે બીજા મીંડા ચઢે ને ! એકડો જ માંડીએ નહીં તો ? એવું આપણું વિજ્ઞાન છે. ત્યાં તે ઘડીએ એનું બધું ભૂલી જાય, આત્મા-બાત્માનું બધું, પાછલું યાદ આવીને બધું ગા-ગા કરે, બધા એકડા માંડી દે બધા. એ ના માંડવા. માટે ચેતવી આપું છું. ગમે તેવા સંજોગ આવે પણ શેને માટે ?

પ્રશ્નકર્તા : સાત વ્યક્તિ ઘેર હોય અને સાંજે પાછા આવીએ તો છ મરી જાય.

દાદાશ્રી : છ શું, એકેય ના હોય. આપણું જ્ઞાન તો શું કહે છે કે ભઈ, 'આ તો વ્યવસ્થિત.' વ્યવસ્થિત બધું એક્ઝેક્ટ. બધું જ્ઞાન ચોખ્ખું જ કહે છે ને આપણું ! જે જોયું, જે પરિસ્થિતિ ઘેર આવીને જોઈ એ વ્યવસ્થિત જ છે કે નહીં ? કે અવ્યવસ્થિત છે ?

પ્રશ્નકર્તા : છે વ્યવસ્થિત જ !

દાદાશ્રી : તો પછી વ્યવસ્થિતમાં અવ્યવસ્થિત કેમ કરો છો ? તો પછી એનું અવ્યવસ્થિત કરવાનું કારણ શું ? એકડો કરવાનું કારણ જ શું ? પછી જે આપણે જોઈએ એટલે વ્યવસ્થિત છે જ. હા, કોઈ મારતો હોય તો આપણે વચ્ચે પડવું જોઈએ. અને તે પુદ્ગલ પડે, આપણે કહેવું કે 'ચંદુભાઈ,

જુઓ આ...' આપણે તો દરેક બાબતના જ્ઞાતા-દ્રષ્ટા રહેવું.

પ્રશ્નકર્તા : અવ્યવસ્થિત જે થયું, એ પણ વ્યવસ્થિત જ છે ?

દાદાશ્રી : અવ્યવસ્થિત દેખાય છે તે પણ વ્યવસ્થિત છે. આ તો અવ્યવસ્થિત દેખાય છે, બુદ્ધિની આંખે અને વ્યવસ્થિત જ્ઞાનથી દેખાય. બુદ્ધિની આંખે બધું અવ્યવસ્થિત જ દેખાય છે ને, બીજાના દોષ જ દેખાય છે ને !

બની ગયા પછી 'વ્યવસ્થિત' કહેવાય

કોઈ સગુંવહાલું આપણું માંદું હોય, નજીકનું સગુંવહાલું અને પછી કોઈ બ્રાહ્મણ કહે, 'એમના ગ્રહો સારા નથી. આ કંઈ ટકે એવું લાગતું નથી' એવી વાત આપણે સાંભળી હોય અને છતાં પાછું દાદાનું વ્યવસ્થિત યાદ આવે કે 'વ્યવસ્થિતમાં હશે એ થશે હવે.' એટલે પછી દવા-દારૂ બંધ થઈ જાય આપણા. આપણા હાથ નરમ થઈ જાય. આ વ્યવસ્થિતનો દુરુપયોગ કરીએ તો આપણા દવા-દારૂ કરવાનો પેલો જે ઉલ્લાસ હતો એ ઊડી જાય અને રાત્રે બેસવાનુંય ઊડી જાય. એ ભયંકર ગુનો કહેવાય એ. આપણે તો ઠેઠ સુધી જીવવાના છે, એવું માનીને ઠેઠ સુધી દવા-દારૂ બધા, ઉપચાર-બુપચાર બધા કરવાના. મહીં ભય લાગે, અંદર ભય લાગ્યા કરતો હોય તો કહેવું કે વ્યવસ્થિતમાં જે હશે એ થશે. પણ ભય લગાડવાની જરૂર નથી. વ્યવસ્થિત ક્યારે કહેવાય ? એ ટપ થયા. એટલે પછી આપણે કહેવું, વ્યવસ્થિત છે. ટપ થયાની સાથે કહી દેવું, વ્યવસ્થિત. 'આ કોણે કર્યું ?' ત્યારે કહે, 'વ્યવસ્થિતે.'

કોઈ પણ વસ્તુ ભૂતકાળ થઈ ગયો એટલે 'વ્યવસ્થિત' જ કહેવું. પણ 'બનવાનું છે' એને 'વ્યવસ્થિત' કહેવું નહીં. થયા પછી કહો, અને ભય લાગતો હોય તો નક્કી કરવું કે છે વ્યવસ્થિત પણ મારે તો ચોકસાઈ રીતે રહેવું જોઈએ. મારે ભય રાખવાનું કોઈ કારણ નથી, મારે તો ચોક્કસ રીતે જ ચાલવું છે, આટલું જ સમજવાની જરૂર છે. કારણ કે વૈજ્ઞાનિક હોય છે રીત. આ ગપ્પાં મારે એ રીતે ચાલે નહીં, સૈદ્ધાંતિક હોવી જોઈએ. ક્યારે પણ ન તૂટે એવું હોવું જોઈએ. ભઈ ઓફ થઈ ગયો, એ યોગ્ય બનવાનું હતું તે બની ગયું. હવે આમાં કશું અમારો દોષ નથી. ડૉક્ટરના હાથે મર્યો હોય તો ડૉક્ટરનો દોષ નથી. એ તો આપણા લોકો ખોટા આરોપ માંડે છે, દાવા માંડે છે. એ તો કંઈ રીત છે ? એ નિમિત્ત છે બધા !

પ્રશ્નકર્તા : અમારે 'વ્યવસ્થિત'નું અવલંબન ક્યારે લેવું ?

દાદાશ્રી : ગજવું કપાયા પછી, કારણ કે 'વ્યવસ્થિત'નું સીધું અવલંબન કોણ લે ? સંપૂર્ણ જ્ઞાન હોય તે જ લે. બીજા તો જરાક ડખો કરી નાખે, 'વ્યવસ્થિત'નો દુરુપયોગ કરી નાખે. એટલે પતી ગયા પછી કમ્પ્લીટ 'વ્યવસ્થિત' કહેવાનું અને ભવિષ્યનો વિચાર આવે ત્યારે 'વ્યવસ્થિત છે' કહેવું પાછું.

અતિથિને આવકારો ચોખ્ખા મને

મને આ જ્ઞાન થયું ન્હોતું તોય પણ વ્યવસ્થિતનું જ્ઞાન હું લઈને આવ્યો હતો કે આ વ્યવસ્થિત જગત છે. એટલે ઘેર પેલા જે મહેમાન આવ્યા છે તે વ્યવસ્થિત જ છે, તો પછી એને શા માટે તરછોડવા જોઈએ ? એટલું કે કોઈ દા'ડોય છે તે હું બહાર કોઈને એમ બોલું નહીં કે 'તમે ક્યાં ઉતર્યા છો ને મારે ઘેર કેમ ના આયા ?' પણ ઘેર આવ્યા એટલા અતિથિ. ઢસેડી લાવવાના નહીં કોઈને. વ્યવસ્થિતને વ્યવસ્થિત જ રહેવા દેવાનું.

પ્રશ્નકર્તા : આપણે તો 'અતિથિ દેવો ભવ' એમ કહીએ છીએ ને ?

દાદાશ્રી : હા ! તિથિ નક્કી કર્યા સિવાય, કાગળ-બાગળ લખ્યા સિવાય આવે એ અતિથિ, અને તે ઘડીએ જો આપણી પરિણતિ સારી રહી ત્યારે જાગૃતિ કહેવાય, ત્યારે પુરુષાર્થ કહેવાય, તો મોક્ષને માટે સર્ટિફાઈડ થવાની તૈયારી થઈ ગઈ. કસોટીમાં ઊતરવું પડે ને ?

પ્રશ્નકર્તા : બરોબર. પણ દાદા, એ આવ્યા એય ભગવાન જ ને ?

દાદાશ્રી : એ તો હવે 'ભગવાન છે' એવું ખબર પડી. પેલા ભગવાન માટે બગાડીએ તો વાંધો નથી, કારણ કે એમને તો લાખો જણ બોલાવનારા હોય પણ આમને કોઈ બોલાવનાર ના હોય. તેને માટે આપણે ત્યાં છે તે ભાવ ના બગાડાય. આપણે કોણ માણસ ? ક્યાં આપણો વ્યવહાર ? નિશ્ચય ના હોય તો ભલે પણ વ્યવહાર તો ઊંચો હોવો જોઈએ ને ? આ જ મોટામાં મોટું તપ છે. આ તો એ મહેમાન આવ્યા તે વ્યવસ્થિત, રહ્યા તે પણ વ્યવસ્થિત અને ગયા તેય વ્યવસ્થિત. તો પછી અવળો વિચાર આવે ? ના જ આવે. પાછો એ જે ખાય છે એ એના હક્કનું જ ખાય છે, તો પછી એના માટે અવળો વિચાર જ ના આવે ને પ્રેમથી જમીને જાય.

ઘેર આવ્યા એ તો વ્યવસ્થિત છે જ એમાં. અને આ વ્યવસ્થિતનું જ્ઞાન તમને નિશ્ચિંત બનાવે એવું છે.

હવે વ્યવસ્થિતના આધીન આવ્યા. પાંચ-સાત દહાડા સુધી ખસે નહીં, તો મનમાં ભાવ બગાડે કે બળ્યું, આ અત્યારે ક્યાં આવ્યા છે ? આ લોકો અહીંથી જાય તો સારું. એ ભાવ બગડ્યા કહેવાય. એવું ન થવું જોઈએ. વ્યવસ્થિતના આધીન આવ્યા ને વ્યવસ્થિતના આધીન જશે. આપણા હાથમાં છે કશું ? એ એમની મેળે નથી આવ્યા, એમની શક્તિ નથી બિચારાની. એમની ઉપર શું કરવા કકળાટ કરો છો તે ? આ વ્યવસ્થિતનું જ્ઞાન રૌદ્રધ્યાન-આર્તધ્યાન બેઉ બંધ કરાવી દે એવું છે. આ વ્યવસ્થિતનું જ્ઞાન તો બહુ હેલ્પિંગ છે. આ તેને લીધે તો નિરાંત રહ્યા કરે છે અને એક્ઝેક્ટ વ્યવસ્થિત છે.

પ્રશ્નકર્તા : વ્યવસ્થિત બેસી ગયું તો અડધું કામ પતી જાય.

દાદાશ્રી : આખુંય કામ પતી જાય છે. વ્યવસ્થિત બધું મૂક્યું. વ્યવસ્થિતનું જેને જ્ઞાન રહે છે, તેને આત્મા આપેલો છે.

ઘરમાં ના ગમતું કોઈ આવ્યું હોય ને એ જાય નહીં ત્યારે મહીં અણગમો રહ્યા કરે, નહીં ? હવે નથી રહેતું એવું ? હવે આવ્યું તે વ્યવસ્થિત. અને આપણું કાઢ્યું જવાનું નથી. એટલે આપણે જોયા કરવાનું, વ્યવસ્થિત શું કરે છે તે !

પ્રશ્નકર્તા : છતાં પણ ક્યારેક એમ ભાવ આવી જાય, પણ આપણને ખબર પડે.

દાદાશ્રી : એ ભાવ આવી જાય છે એ ખબર પડે. એટલે ભાવ તો આવે. ભાવ તો આવવો અવશ્ય છે, મહીં છે એટલે. જેટલા ભાવ ભરેલા છે, એટલા નિર્જરા તો થવાના જ ને ! તે નિર્જરા ક્યારે થઈ કહેવાય ? પેલા સંવર હોય, ફરી તે વખતે તન્મયાકાર ના થાય. સંવર રહે, એટલે બસ થઈ ગયું. એક નિર્જરા થઈ ને આ બાજુ સંવર થયું. નિર્જરા તો અવશ્ય થવી જ જોઈએ. મહીં છે તો નિર્જરા થવાની છે. ના ગમતો મહેમાન આવે ત્યાંથી જ કંટાળો આ મનુષ્યોને હોય. ના ગમતો મહેમાન હોય કે ના ગમતું માણસ આવ્યું હોય તો મનમાં એમ થયા કરે કે આ ક્યારે જાય, ક્યારે જાય, ક્યારે જાય ? છતાંય એય જાણતો નથી બિચારો, કે મારા માટે આવું ધ્યાન કર્યા કરે છે ! પણ આપણી આંખો પરથી સમજી જાય, કે

હું ગમતો નથી. એને ભગવાને 'આર્તધ્યાન' કહ્યું. અને આર્તધ્યાન ક્યારે ? પેલાને દુઃખ ના થાય એવું વર્તન આપણું હોય તો, દુઃખ થાય એવું વર્તન તો રૌદ્રધ્યાનેય સાથે થયું.

અને ગમતું આવે તો, 'ના, બે દહાડા પછી જવાનું. હમણાં નહીં જવાનું, નહીં જવાનું' કહીએ તોય વ્યવસ્થિત તેડી જાય એને અને આંખમાંથી ટીપાં પડ્યા કરે.

પ્રશ્નકર્તા : પણ તે જ્ઞાનથી ફરક પડી ગયો.

દાદાશ્રી : બધો ફરક પડી જાય. જ્ઞાનથી ફરક ના પડે તો એ જ્ઞાન જ્ઞાન નથી. એક કલાકમાં ફરક પડવો જોઈએ. જ્ઞાન તો એનું નામ જ કહેવાય.

પ્રશ્નકર્તા : હમણાં જ એક બનાવ બન્યો છે. મારા રિલેટિવ છે, સારું કમાય છે તો એમને નોકરી મળી છે છતાં અમારે ઘેર આવીને રહ્યા છે. તો હવે ભાવ બગડ્યો કે હવે એમણે એમનું ઘર શોધી લેવું જોઈએ. દોઢ મહિનો થઈ ગયો અને એવું લાગે છે કે આપણા ઘરમાં જ રહેશે.

દાદાશ્રી : એ ભાઈ સમજતા નથી ?

પ્રશ્નકર્તા : ના. એને જો મફતનું રહેવાનું ને ખાવાનું મળે તો એ ભાઈ ના ખસે.

દાદાશ્રી : તમે જેવું માનો છો એવું કંઈ હોતું નથી, ફક્ત તમારા આ હિસાબ. તમારા બોલવાથી જાય એવા હશે, તો તમારે ધીમે રહીને કહેવું, 'તમારે તો સારો પગાર છે, જગ્યા-બગ્યા ખોળી કાઢીએ તમારે માટે.' ત્યારે કહે, 'ખોળી કાઢો.' એટલે એનો ઉકેલ આવે. એને એમ તો ન જ કહેવાય ને, 'તમે જાવ, અમારે ત્યાંથી જાવ.' કારણ કે વ્યવસ્થિતનો નિયમ છે કે કોઈ ના બોલે તોય જતા જ રહેવાના છે. ચાલે જ નહીં ને કોઈનુંય. અહીં લોકોને જીવવું છે, તો પણ જવું પડશે ને ?

પ્રશ્નકર્તા : પણ એવો ભાવ બગડી જાય છે મારો.

દાદાશ્રી : ભાવ તો બગડી જ જાય ને ! પેલી બુદ્ધિ ખરી ને કે આ આટલું કમાય છે ને આમ ને તેમ, બુદ્ધિ તોલ કાઢે ને ! જ્ઞાન અહીં જ જોવાનું છે ને !

પ્રશ્નકર્તા : ભાવ બગડ્યો ને કે એમણે એમનું ઘર શોધી લેવું જોઈએ. ત્યારે અંદર તો થઈ ગયું કે ખોટું થાય છે. ત્યારે એ જ મૉમેન્ટ પર પ્રતિક્રમણ થયું.

દાદાશ્રી : એમણે ઘર શોધી લેવું જોઈએ, એ વસ્તુ ન્યાય છે. પણ ન્યાય ને કર્મના ઉદય બે જોડે ના થઈ શકે. ન્યાય તો આપણે જાણવાનો છે. કો'કને ત્યાં ગયા હોય, તો આ ન્યાય આપણને કામ લાગે કે આપણે બીજું ખોળી લેવું જોઈએ. પણ એના ન્યાય પ્રમાણે ચાલશે ને, એને જે ન્યાય સમજણ પડી છે એ પ્રમાણે ! એટલે તમારે સમજીને કહેવાય, આમ સમજીને. તમારે મહીં આમ કહેવું કે 'ચંદુભાઈ, આસ્તે રહીને એને દુઃખ ના થાય એવી રીતે વાતચીત કરજો.' બાકી જો ધીરજ રહેતી હોય તો ચલાવી લેવું પડે. એનું નામ જ તપ કહેવાય ને ! તપ થાય નહીં ત્યારે કરવાનુંય શું ?

પ્રશ્નકર્તા : પણ આપણને એમ થાય કે કોઈને જરૂર હોય, કોઈ ઈન્ડિયાથી આવ્યો હોય, નોકરી-ધંધો ના હોય, તો આપણે ત્યાં છ-બાર મહિના રહે તોય વાંધો નથી. પણ જેને આટલું બધું છે, એણે તો એનું શોધવું જ જોઈએ.

દાદાશ્રી : એ બુદ્ધિ કૂદાકૂદ કરે છે. આપણે એને 'જાવ' એમ ના કહેવું. એની પાસે કશું છે નહીં, એટલે રહ્યો છે. જો આપણાથી સહન થાય એવું હોય તો ના કહેવું. ના સહન થાય એવું હોય તો તો કહી દેવું. બાકી પેલી આપણી બુદ્ધિ કૂદાકૂદ કરે છે. એ કાયદાનો ભંગ નથી કરી રહ્યો,

તમે ભંગ કરી રહ્યા છો કાયદાનો. એ તો કોઈ કાયદાના આધારે રહ્યો છે, વ્યવસ્થિતના.

વ્યવસ્થિત ચલાવે શુદ્ધ વ્યવહાર

જે વ્યવસ્થિત થતું હોય તેનું અવ્યવસ્થિત આપણે ના કરવું.

પ્રશ્નકર્તા : વ્યવહારમાં કો'ક વખત હજી એવું થઈ જાય છે તો શું કરવું ?

દાદાશ્રી : સાંજે ચંદુભાઈને થોડો ઠપકો આપવાનો, એવું એકાદ મહિનો ઠપકો આપીએ એટલે બંધ થઈ જાય.

એવું છે, કે વ્યવસ્થિતની બહાર વ્યવહારમાં કશું થતું જ નથી. અને વ્યવહાર જેટલો ફેરવવા જાય છે ને, તેટલો મહીં ભરેલો અહંકાર છે. એટલે એટલું આપણે સમજી લેવાનું કે આ વ્યવસ્થિત છે તેનું આપણે અવ્યવસ્થિત કરીને શું કામ છે ? તેમ છતાં બોલાઈ જવાયું, તે પહેલાનો ભરેલો માલ છે. કારણ કે આપણું આ અક્રમ છે ને, તે કર્મો ખપાવ્યા વગર આવ્યા છીએ એટલે ભરેલો માલ નીકળે.

પ્રશ્નકર્તા : પણ કોઈ વખત જાણીજોઈને કહેવું પડે એટલા માટે કહું છું.

દાદાશ્રી : ના, કહેવા માટે તો આ જગતમાં કંઈ છે જ નહીં. એ પૂછે તો કહેવા જેવું. એ પૂછે કે આ શું કરવાનું છે ? ત્યારે આપણે કહેવાનું. બાકી, મનમાં તો ઈચ્છા કેવી રાખવી કે આ ના પૂછે તો સારું. પેલું તો વગર પૂછ્યે જ માલ આપ આપ કરીએ. ઘરાક ના કહે ને આપણે માલ આપ આપ કરીએ તો ઘરાકને અકળામણ ના થાય ? તે ઘરાક પછી માથામાં જ મારે આપણને. પણ એ પૂછે તો જવાબ દેવો પડે. અમને કોઈક પૂછવા આવે તો અમે જાણીએ કે આ વળી ક્યાં ઉપાધિ આવી ? ધર્મની બાબત પૂછવા આવે તો ઠીક છે. પણ વ્યવહારની બાબત પૂછવા આવે તો તો ઉપાધિ સ્વરૂપ લાગે. પણ અમે વ્યવહારમાં કશું બોલીએ નહીં ! મીઠું વધારે હોય તોય અમે બોલીએ શું કરવા તે ? બોલીએ તો ઉપાધિ થાય ને ?

વ્યવહાર તો વ્યવસ્થિત જે પ્રમાણે ચલાવે છે એ શુદ્ધ વ્યવહાર છે અને તેમાં 'આપણે' ડખો કરીએ એ અશુદ્ધ થયું, ડખો કરવો નહીં, ને ડખો થઈ જાય તો કર્મો ખપાવ્યા વગરના છે એટલે થઈ જાય છે. તો સાંજે આપણે પા કલાક બેસી અને ચંદુભાઈને ઠપકો આપવાનો. આપણે કહેવાનું કે જો તમે વગર કામના તે વખતે બાબા જોડે માથાઝીક કરી હતી. આ વહુ જોડે માથાઝીક કરી. આ ખોટું કર્યું, આમ ના કરવું જોઈએ, આવું કરાતું હશે ? તે ઠપકો આપીએ. ને મહિના સુધી ઠપકો આપીએ તો ચંદુભાઈનું બંધ થઈ જાય. ચંદુભાઈ પણ સમજુ છે, પણ ઠપકો આપનાર જોઈએ. કોઈ વઢનાર તો જોઈએ ને ? એટલે આપણે ઠપકો આપવાનો. નહીં તો અવળું માનીને એ અવળું ચાલ્યા કરે, અને ચંદુભાઈનું અવળું ચાલ્યું એટલે આપણુંય અવળું ચાલ્યું.

અહીં પૂના જવાનું હોય તેને બદલે ચંદુભાઈ અમદાવાદની ગાડીમાં બેઠા, તો પછી આપણનેય અમદાવાદ જવું પડે ને ? માટે ચંદુભાઈ સવળા ચાલે એવો રસ્તો આપણે કર કર કર્યા કરવાનો, તે ચંદુભાઈય છૂટે અને આપણેય છૂટીએ.

પ્રશ્નકર્તા : આપણે સમજીએ છીએ કે આ અહંકાર છે, છતાં એ ચઢી બેસે છે.

દાદાશ્રી : ચઢી બેસે છે તેનો વાંધો નથી. ચઢી બેસે છે તે તો હકીકત બની. એમાં આપણું કંઈ ચાલે નહીં. પણ સાંજે ઠપકો આપીએ ને ! આપણે નોંધ રાખીએ કે 'અમુક ટાઈમે આમ કર્યું હતું, અમુક ટાઈમે આ કર્યું હતું. આ ભઈ જોડે અમથી વગર કામની માથાફોડ કરી હતી.' એ

બધાનો ચંદુભાઈને ઠપકો આપીએ એટલે આપણે છૂટી ગયા. પછી આપણે જવાબદાર ના રહ્યા, અને એટલે ચંદુભાઈની જવાબદારી છૂટી જાય છે. કારણ કે આપણી જવાબદારી છૂટી ગઈ કે ચંદુભાઈની જવાબદારી પણ છૂટી ગઈ અને કોઈને દુઃખ થયું હોય તો પ્રતિક્રમણ કરવું પડે તો કહીએ, કે 'ચંદુભાઈ અતિક્રમણ કર્યું, માટે પ્રતિક્રમણ કરો.'

ત્યારે થવાય પાસ વ્યવસ્થિતના જ્ઞાનમાં

વ્યવસ્થિતનો નિયમ એક જણ પૂછતો હતો કે મને વ્યવસ્થિતનો નિયમ સમજણ પાડો. ત્યારે મેં એને કહ્યું કે ગાડીમાં પાંચ જણ જતા હોય ને તને કાનપટ્ટી ઝાલીને ગાડીમાંથી ઉતારી પાડે. તોય એમ લાગે કે ઓહોહો ! એ પેલો ઉતારતો નથી, આ તો વ્યવસ્થિત ઉતારે છે.

બેસાડતી વખતે એમણે કહ્યું હોય કે બેસો. અને પછી કહે કે ચંદુભાઈ, ઉતરી પડો. તો ચંદુભાઈને તરત જ એમ જ્ઞાન હાજર થવું જોઈએ કે આ વ્યવસ્થિત એમ કહે છે, કે તમે ઉતરી જાવ. કોનું નામ દેવાનું ?

પ્રશ્નકર્તા : વ્યવસ્થિતનું નામ દેવાનું. વ્યવસ્થિત કહે છે, ઉતરી જાવ.

દાદાશ્રી : વ્યવસ્થિત ઉતરવાનું કહે છે. ફરી છે તે થોડે છેટે જાય એટલે પાછા કહેશે, 'ના, ના, રહેવા દો આ.' પેલો ભાઈ કહેશે, કે 'ના, મારે તો નથી અવાય એવું.' ત્યારે પાછા ચંદુભાઈને કહે, 'ચાલો, ત્યારે પાછા આવો.' તો આ ચંદુભાઈ એમ સમજે કે 'મને વ્યવસ્થિતે બોલાવ્યો' અને વ્યવસ્થિત બોલાવે એટલે વ્યવસ્થિતના પ્રમાણે બેસવું જ જોઈએ આપણે. થોડી વાર ગયા પછી એક ફલાંગ ગયા પછી, બીજો એક ઓળખાણવાળો સામો ભેગો થયો ને, એટલે પછી કહે, 'એમ કરો ને, ચંદુભાઈ, તમે ઉતરો આ.' ત્યારે ચંદુભાઈને સમજાવું જોઈએ કે મને આ વ્યવસ્થિત ઉતારે છે. તો ત્યાં મોઢું તોબરા જેવું નહીં કરવાનું. વ્યવસ્થિત ઉતારે તેમાં મોઢું તો શું બગાડવાનું ? અને પછી ઉતરી જવાનું. છેટે, થોડે છેટે ગયા પછી પેલો પાછો માણસ કહે છે, 'ના, મારાથી નહીં અવાય, રહેવા દો ને !' પાછા ચંદુભાઈને કહે, 'ચંદુભાઈ, પાછા આવો, પાછા આવો.' તોય વ્યવસ્થિતે બોલાવ્યા, એમ સમજવાનું. આવું નવ વખત થાય ત્યારે દાદાની પરીક્ષામાં પાસ થયો, વીતરાગતાની પરીક્ષામાં. નવ વખતમાં મન ફરે નહીં કશું, એવું મેં કહ્યું છે બધાને. આ વ્યવસ્થિતનું જ્ઞાન એવું સુંદર છે ! માણસ કોઈ કરી શકતો જ નથી. આ વ્યવસ્થિત જ કરે છે અને વગર કામનો મોઢું તોબરું ચઢાવીને કહેશે, 'મારે નથી આવવું, જાવ તમે.' બે-ચાર વખત કાઢે ને એની સાહજિકતા તૂટી જાય.

પ્રશ્નકર્તા : અરે, એમ કહે, 'તમે શું સમજો છો ? શું હું કૂતરું છું ? મને હડહડ કરો છો ?'

દાદાશ્રી : ના, એટલે વ્યવસ્થિત કરે છે અને લોકો માને છે કે આ કરે છે. એ નિમિત્ત છે, એને બચકાં ના ભરવા જોઈએ આવા.

પ્રશ્નકર્તા : પણ આ તો વ્યવસ્થિતની ગજબની વાત આપે આપી આ દૃષ્ટાંતથી.

દાદાશ્રી : નવ વખત ઉતારે તોય 'વ્યવસ્થિત ઉતારે છે' એ નથી ઉતારતો. એના હાથમાં શું છે ? સંડાસ જવાની શક્તિ નહીં ને એ બિચારો શું કરવાનો'તો તે ? એ શું ઉતારતો'તો ? એને પેણે મોટર અથડાય, મરી જાય !

નવ વખતનો મેં કાયદો કહ્યો છે. મેં કહ્યું, નવ વખત સુધી જો આ માણસ જાળવે તો હું જાણું કે મારા જ્ઞાનમાં પાસ થઈ ગયો. થઈ ગયું કમ્પ્લીટ. બે-ચાર વખત તો ધીરજ રહે, પણ પછી મોઢા પર ફેરફાર થતો જાય. નવ વખત ગાડીમાં બેસવાનું ને નવ વખત ઉતારી દે, તોય વ્યવસ્થિતના જ્ઞાનને ના

ચૂકે, એનું નામ આપણું જ્ઞાન ! વ્યવસ્થિત ઉતારે છે ને વ્યવસ્થિત ચઢાવે છે.

પ્રશ્નકર્તા : એવું બરોબર પાકું થઈ જાય.

દાદાશ્રી : એવું હોય તો જ કામનું ! એવું આ વિજ્ઞાન છે. રાગ-દ્વેષ થાય નહીં, નિરંતર વીતરાગતા રહે. વ્યવસ્થિતના આધારે સંયમ પાળી શકાય. વ્યવસ્થિતના જ્ઞાનનો આધાર અને પોતાના સ્વરૂપની જાગૃતિ તેના આધારે સંયમ પૂરેપૂરો પાળી શકાય. તમને સમજાયું ને ?

પ્રશ્નકર્તા : દાદા, આ તો એમ.ડી. કરતાંય બહુ મોટી પરીક્ષા છે.

દાદાશ્રી : ના, આ તો અઢાર-વીસ વર્ષ ઉપર કહેલું. પેલા ભાઈની ગાડી જાય, તે અહીંથી સત્સંગ માટે, અહીં આ પાવાગઢ જાય, આમ જાય. તે ઘડીએ ઉતારી પાડવાનું એક-બે વખત બન્યું. એટલે બધાને કહી દીધેલું કે તમને ઉતારી પાડે એટલે વ્યવસ્થિત ઉતારી પાડે છે, એ જ માનવું જોઈએ. નવ વખત ઉતારે અને નવ વખત ચઢાવે, મહીં એ ન થવું જોઈએ કે એમણે મને ઉતાર્યો અને ફરી બોલાવશે, તો તમારું મોઢું ચઢેલું દેખાશે તોબરા જેવું. હા, એ ઉતારનાર કોણ ? અને એમને વ્યવસ્થિત બોલાવે છે. વ્યવસ્થિત બોલાવે કે ના બોલાવે ?

પ્રશ્નકર્તા : બોલાવે.

દાદાશ્રી : એટલું બધું વ્યવસ્થિતનું કર્તવ્ય છે એવું અમે જોયેલું છે. તેથી અમે ગૅરેન્ટી આપીએ ને ! અને વ્યવસ્થિત એકલું જ એવું છે કે જે કોઈનોય ગુનો ના દેખાડે. આ વ્યવસ્થિત છે, મેં કહ્યું છે ને ! વ્યવસ્થિતને તો કોઈ સ્વાર્થ ના હોય, એ વીતરાગતાથી જુએ.

વ્યવસ્થિત સમજાય તો બહુ કામ કરી નાખે. નહીં તો બીજી વખત બોલાવે ને, તો આવું મોઢું ચઢેલું હોય. 'અલ્યા મૂઆ, ઘડીવારમાં શી રીતે ચઢી ગયું ઉપર ? ઘડીવારમાં શી રીતે ચઢી ગયું હશે ?'

પ્રશ્નકર્તા : દાદા, એ કદાચ કોઈ બહુ સાધક હોય તો બે-ત્રણ વખત ઠંડું રહે, પણ ચોથી વખતે તો પછી પેલું બધું ભેગું કરીને ઠાલવી દે.

દાદાશ્રી : હા, એટલે આ ધીરજ રાખવાની જરૂર છે.

પ્રશ્નકર્તા : દાદા, આ ફોડ પ્રત્યક્ષ સજીવન મૂર્તિ સિવાય ક્યાં પડે ?

દાદાશ્રી : હા. આ ચોપડીમાં ના હોય ને ! ચોપડીમાં હોય નહીં. ચોપડીમાં હોય તો તો બધા વીતરાગ જ થઈ જાય ને ! વ્યવસ્થિત સમજી જાય તો વીતરાગ જ થઈ જાય ને બધા ! શાસ્ત્રોમાં ના હોય, શાસ્ત્રોમાં આ માર્ગ જ ના હોય. હું કહું છું ને, એ બધો માર્ગ જ શાસ્ત્રોમાં ના હોય. શાસ્ત્રમાં તો સાધનો બતાવેલા હોય કે આમ કરજો, તેમ કરજો. અહીં કરવાપણાનો માર્ગ ના હોય, આ સમજવાનો માર્ગ હોય. કરવાપણાથી ઉપર ગયેલા આપણે, ભ્રાંતિથી ઉપર ગયેલા. એટલે વાત જ જુદી ને ! આ વાત કામ લાગશે ને ?

બગીચામાં ગયા હોય ને, ત્યાં પછી કોઈ માણસે આપણને કહ્યું કે 'જાવ.' એટલે આપણને જરૂર હોય તો વિનંતી કરીએ કે 'થોડી વાર બેસું, તો તમને વાંધો નથી ને ?' ત્યારે એ કહે, 'ના, જાવ !' તો આપણે સમજી જવું કે 'વ્યવસ્થિત છે' અને એ કહે, 'વાંધો નથી' તોય વ્યવસ્થિત છે. 'ના ઉતારી પાડે' તોય વ્યવસ્થિત ને 'ઉતારી પાડે' તોય વ્યવસ્થિત છે. આ ટૂંકું સમજી જાય તો ઉકેલ આવે એવો છે. કરોડો વર્ષેય સમજાય એવું નથી. એ અમારા જ્ઞાનથી જોયું છે કે આ વ્યવસ્થિત ચલાવનારું છે.

વ્યવસ્થિત જો આખું સમજાય તો પૂરો

ભગવાન થઈ ગયો. જેટલું સમજાયું તેટલો ભગવાન થઈ ગયો.

વ્યવસ્થિત સમજાય તો સામાને મનમાં ગાળો ભાંડવી ના પડે. 'એ ખરાબ છે' એવું મનમાં બોલો તો એ તમને કર્મ બંધાય. 'એ ખરાબ નથી', પણ એમને 'વ્યવસ્થિત' દોરવણી આપે છે કે 'આને ઉતારી પાડે.' આ વ્યવસ્થિત બધાને દોરવે છે ત્યારે આ બધા ભમરડા ફરે છે !

ડિપ્રેશનમાં અવલંબન વ્યવસ્થિતનું

પ્રશ્નકર્તા : પહેલા વ્યવહારમાં જે માણસોથી ડિપ્રેસ થઈ જવાતું હતું, તેની સામે અત્યારે ડિપ્રેસ નથી થવાતું.

દાદાશ્રી : એ જ જ્ઞાનનો પ્રતાપ છે.

પ્રશ્નકર્તા : હવે ડિપ્રેશન નથી આવતું. તો લોકો એમ માને છે કે મસ્તી આવી ગઈ છે એને બહુ.

દાદાશ્રી : ના, એ મસ્તી નથી. લોકો ડિપ્રેશન ના કરે અને બીજા ઉપાય લે, પ્રકૃતિનું અવલંબન લે એટલે મસ્તી આવે. હવે એવું અવલંબન લેવાનું નથી. આપણે જ્ઞાનનું અવલંબન લેવાનું.

પ્રશ્નકર્તા : જ્ઞાનનું કયું અવલંબન લેવાનું ?

દાદાશ્રી : એવું છે ને, કર્તા 'વ્યવસ્થિત' છે. એ કંઈ કર્તા છે નહીં એનો. એટલે એનાથી ડિપ્રેશન આવવાની જરૂર જ ના રહી ને !

એટલે એ એવા જ્ઞાનના અવલંબનથી આપણને મસ્તી ના આવે. બાકી 'એની પ્રકૃતિ જ એવી છે' સંસારની બાબતમાં લોકો એવું કહે. એવું અવલંબન લઈને ચલાવી લે. આપણને એવી જરૂર નહીં.

આપણી પાંચ આજ્ઞાઓ જ એવી છે, એની મહીં બધું જ સમાઈ જાય અને મસ્તી ઉત્પન્ન ના થાય, કશું થાય નહીં. વિકારી ભાવ ઉત્પન્ન ના થાય.

વ્યવસ્થિત સમજાય વીતરાગ થવાય

તમે શુદ્ધાત્મા થયા એટલે નીલકંઠી ખાનદાન થયા. તમે હવે હસતે મુખે (અપમાન રૂપી) ઝેર પીવો. રડી રડીને તો બધા પી રહ્યા છે. બહારના લોકોને પીધા વગર ચાલે છે ? રડી રડીને પીવે છે. સામાને ગાળો આપીને પીવે. આપણે હસીને પી લઈએ. 'લાય બા, શાનો પ્યાલો લાવ્યો છું ?' ત્યારે કહે, 'પૉઈઝન (ઝેર) છે.' 'લાય પી જઈએ આપણે', અને તે પાછું 'વ્યવસ્થિત' છે. 'વ્યવસ્થિત' ના હોત તો, હું કહેત કે 'પીશો નહીં બા. એ તો ટેવ પડી જશે.' સામા માણસને ઝેરના પ્યાલા પાવાની ટેવ પડી જશે. પણ ના, 'વ્યવસ્થિત' છે. એ મૂઓ લાવવાનો ક્યાંથી તે ? સાત પ્યાલા હતા, તે સાતથી આઠમો લાવવાનો ક્યાંથી ? છો ને ટેવ પડી જાય તોય. નહીં તો બહારના લોકો તો શું કહે, 'એને કટેવ પડી જાય, એના કરતાં એને મારો.' એટલે ટેવ ના પડવા દે. આપણે શું લેવાદેવા ? 'વ્યવસ્થિત'ના સાત પ્યાલા હશે તો સાત આપશે. એને ટેવ પડે તો એને ભારે. ગાયના શિંગડાં ગાયને ભારે ! એક ગાયને મોટા શિંગડાં થાય તો, ભાર લાગે કોને ? એને જ ને ? અને પોતે તો નીલકંઠી ખાનદાન થઈ જાય !

જગતના લોકો 'વ્યવસ્થિત છે' એવું ના સમજે, પણ 'જે થયું તે બરાબર છે' કહેશે. પણ આપણે 'વ્યવસ્થિત' સમજી જવાનું. હવે 'આપણા લોકો' બહુ ત્યારે ચાર બાબતમાં 'વ્યવસ્થિત' સમજ્યા હોય. પણ પાછું કહેશે કે આપણું અપમાન કરે કે હલી જાય. પણ પછી તરત જ 'વ્યવસ્થિત' સમજાય તો સ્થિરતા રહે. આ તો એવું છે ને, કેટલી બધી બાબતો રહી ગયેલી હોય, 'વ્યવસ્થિત' જો સમજ્યો હોય ને, તેને તો રાગ-દ્વેષ જ હોય નહીં. ભણેલું તો ત્યારે કહેવાય કે 'વ્યવસ્થિત' એક્ઝેક્ટ સમજે. અપમાન થાય એની સાથે 'વ્યવસ્થિત છે' કહી અને શોધખોળમાં પડવાનું કે 'કેવી રીતે આ ગોળી વાગી ? આવી

ક્યાંથી ? મારનાર કોણ ? શું થયું ? કોને વાગી ? આપણે કોણ ?' પેલું તે 'વ્યવસ્થિત' ના સમજાય ત્યાં સુધી એમ જ જાણે કે 'આણે મને મારી છે. મેં જાતે જોઈ છે ને !' એટલે આ 'વ્યવસ્થિત' જો સમજ્યો હોત ને, તો વીતરાગ થાત.

પોતાનું ધાર્યું થાય કેટલું ?

આપણે જો કર્તા હોય ને, તો આપણું ધાર્યું થાય. આ વર્લ્ડમાં એક પણ માણસ પોતે કરતો હોય તો એનું ધાર્યું જ કરે. પણ એ ધાર્યું એક સેકન્ડ થાય નહીં. આ તો કરે છે બીજો અને પોતે ઈગોઈઝમ કરે છે, 'હું કરું છું' બસ. એટલું જ છે અને તે ભમરડા કહ્યા છે મેં. આખા વર્લ્ડના મનુષ્યોને 'ભમરડા' કહ્યા છે.

ખરી રીતે આ કશુંય કરતો નથી, 'ઈટ હેપન્સ' થઈ રહ્યું છે. તમે શું ઊંઘતા હોય તે ઘડીએ આ રાત પસાર નહીં થતી હોય ?

પ્રશ્નકર્તા : હા, થાય.

દાદાશ્રી : તો સવારે સાત ના વાગે ?

પ્રશ્નકર્તા : વાગે.

દાદાશ્રી : લોકો ચા-પાણી ના પીવે ? પીવે જ. બધું થઈ રહ્યું છે અને મનમાં કહે છે, 'હું કરું છું.' એ ભ્રાંતિથી ભાસે છે એને, એવું લાગે છે કે 'હું જ કરું છું.' મારા સિવાય બીજું કોઈ દેખાતું નથી. શી રીતે દેખાય તને ? તારી પાસે દૃષ્ટિ જ નથી ત્યાં આગળ ! અને તે આંખોનીય દૃષ્ટિ ક્યાં છે ? બળ્યા, ચશ્મા લઈ આવે છે અને દાબડા ઘાલે છે ! શરમ નથી આવતી તને ? શરમ આવવી જોઈએ કે દાબડા પહેરવા પડ્યા !

ભયંકર ભૂલ, ધાર્યું કરાવાની

આપણા ધાર્યા પ્રમાણે થાય, એવું વ્યવસ્થિત હોય ખરું ?

પ્રશ્નકર્તા : હોતું જ નથી એવું વ્યવસ્થિત.

દાદાશ્રી : કેમ આપણા ધાર્યા પ્રમાણે નથી થતું ?

પ્રશ્નકર્તા : 'ધાર્યું કરવું' એ જ ગુનો છે ? વ્યવસ્થિતનું ધાર્યું થવા દેવાનું ?

દાદાશ્રી : એમ ! એટલે તું ધારતો નથી ? આ તો ધાર્યા વગર રહે નહીં.

પ્રશ્નકર્તા : એટલે આમ ધારવાનું હોતું નથી, પણ સંજોગો જ ડિસાઈડ કરી આપે કે હવે આવતીકાલે ક્યાં જવાનું છે અને આમ નથી કરવાનું ને આમ કરવાનું છે. એટલે ધારવાનું રહેતું જ નથી પછી.

દાદાશ્રી : અને તું તો ધારું છું ને ?

પ્રશ્નકર્તા : હા, દાદાજી.

દાદાશ્રી : પછી એ પ્રમાણે થતું નથી. પછી શું કરવું, રડવું આપણે ?

પ્રશ્નકર્તા : પછી ગૂંચાયો એટલે ખબર પડે કે આ માર ખાધો. ધારીને ના થાય એટલે પછી મહીં સફોકેશન (ગૂંગળામણ) થાય. એટલે પછી જાગૃતિ આવે ને પાછું છૂટું પડી જાય.

દાદાશ્રી : ભૂલો એ થઈ છે.

પ્રશ્નકર્તા : આ ધાર્યું થવામાં તો, અત્યાર સુધીની ભૂલો જે થઈ છે ને, આવતો ભવ બંધાવવા માટે. કારણ કે ધાર્યું કરવું હતું, ધાર્યું થતું હોતું નથી, પણ આવતો ભવ જરૂર બંધાઈ જાય છે એનાથી. એવું જ છે ને ?

દાદાશ્રી : એવું જ છે, આવતા ભવના બીજ પડે. 'વ્યવસ્થિત'ને ખોટું જેવું કહ્યું કે બીજ પડે. અને તે 'વ્યવસ્થિત' એ ભગવાન જેવી શક્તિ કહેવાય. એને ખોટું કંઈ બીજું બોલતા નહીં, પણ એની પર શંકા કરી તો પણ બીજ પડે.

પ્રશ્નકર્તા : આખી કર્તાભાવની જે દૃષ્ટિ બંધાયેલી છે, તે જ આખો આવતો ભવ બંધાવે છે ?

દાદાશ્રી : હા, એ જ બીજું કોણ ? અહંકાર છે ને, તે જ.

પ્રશ્નકર્તા : અને આ વ્યવસ્થિતની આજ્ઞાથી એ દૃષ્ટિ છૂટે છે !

દાદાશ્રી : છૂટી જાય, અને વ્યવસ્થિત જ છે. છેવટે વ્યવસ્થિતને આધીન કરવું પડે છે. ત્યાર પહેલા સીધી રીતે એ કરતા હોય તો શું ખોટું ? છેવટે વ્યવસ્થિતને માન્ય કરવું પડે ને ?

પ્રશ્નકર્તા : માન્ય કરવું જ પડે ને ! અને તે જ પ્રમાણે બનતું હોય છે. વ્યવસ્થિતને આધીન જ બનતું હોય છે.

દાદાશ્રી : એને આધીન જ બને ને ! એ રાજીખુશીથી સ્વીકારીએ તો આનંદ રહે અને ફૂલિશનેશ (મૂર્ખતા) કરીએ તો મહીં દુઃખ પડે. કરું છું તું ફૂલિશનેશ ?

પ્રશ્નકર્તા : ઘણીવાર થાય છે એવું. 'વ્યવસ્થિત છે' એવું કહે તો પણ મન માને નહીં ને ! કાવાદાવા કરે જ.

દાદાશ્રી : માને નહીં એવું મન છે ? એટલે વ્યવસ્થિત કે બીજું કશું જ્ઞાન પહોંચે જ નહીં ને !

પ્રશ્નકર્તા : એટલે એવું બહુ હાલી જાય, બધું !

દાદાશ્રી : તારે હઉ થઈ જાય ?

પ્રશ્નકર્તા : મારે તો વહેલું થાય.

દાદાશ્રી : તારે થઈ જાય ? બેઉ કાચા ફુસ ! નહીં તો આ તો કાચો નથી પડતો. 'વ્યવસ્થિત' કહી દીધું એટલે કહી દીધું !

પ્રશ્નકર્તા : એટલે આ બધું રાગે પડેલું બધું બગડી જાય પછી.

દાદાશ્રી : વળી કો'ક શું બગાડતું આપણે ઘેર ? એક-બે દહાડા કોઈ બગાડી જાય, પછી ત્રીજા દહાડાથી એમનો સાંધો જ તોડી નાખીએ ને !

પ્રશ્નકર્તા : પણ પછી એવું થાય કે આવું કેવું વ્યવસ્થિત ?

દાદાશ્રી : વ્યવસ્થિતને પાછું વખોડી કાઢું છું ? ઓહોહો ! જુદી જાત ! તેં એવું નથી કહ્યું કોઈ દહાડો, નહીં ? આ તો તારા કરતાંય જબરા ! આ તો બહુ વસમું ! લોકોને ધાર્યું કરાવવાની આદત પડેલી છે ને, તેથી 'વ્યવસ્થિત' કડવું આવે છે. 'વ્યવસ્થિત' એટલે 'વ્યવસ્થિત.' નહીં તો અવ્યવસ્થિત ના કહેત આપણે ? અંધારી રાત્રે ગમે તે ટાઈમે હોય, કબૂલ કરવા જેવી વસ્તુ એ ! આવું કેવું 'વ્યવસ્થિત' ? બુદ્ધિ દેખાડે ! તે બુદ્ધિને એટલી બધી પંપાળ પંપાળ કરી હોય તો ચઢી બેસે પછી !

બુદ્ધિ ડખલ ન કરે તો 'વ્યવસ્થિત' લાગે જ એમાં. એ તો એમાંથી બુદ્ધિ એકલી વચ્ચે ડખલ કરે છે. જેમ બુદ્ધિ અત્યારે સાચી હોય ત્યારે આવું ના કરે. ડખલ તો ઊંધી બુદ્ધિ, વિપરીત બુદ્ધિ કરે. સાચી બુદ્ધિ ડખલ ના કરે.

પ્રશ્નકર્તા : ધાર્યું કરાવવાની માથાકૂટ બુદ્ધિ જ કરતી હોય છે. એથી એને પેલું ધાર્યા પ્રમાણે નથી થતું, માટે ડખો થાય છે.

દાદાશ્રી : તારે શી શી બાબતમાં જોઈએ, ખાવાની બાબતમાં ? સૂઈ જવાની બાબતમાં ?

પ્રશ્નકર્તા : ખાવાની બાબતમાં થાય, સૂઈ જવાની બાબતમાં ના થાય ખાસ.

દાદાશ્રી : સૂઈ જવાની બાબતમાં સુખ ! એમાં ના થાય. ખાવાની બાબતમાં શું થાય ? એક જ બેઠકે ટેબલ ઉપર કેમ ?

પ્રશ્નકર્તા : ના, એવું કશુંય નહીં.

દાદાશ્રી : તો શું થાય ?

પ્રશ્નકર્તા : આ તો એવું કે પેલું કાંદા-બટાકા આમ ખાવાની ઈચ્છા ના હોય તો એના એ જ ભેગા થાય. એવું બધું એટલે આમ મનમાં પેલું થાય.

દાદાશ્રી : ભેગું થાય એ આપણને કંઈ ભોંકે છે. ભેગું તો થાય ને ! સંયોગ છે ને ! વિયોગી સ્વભાવનો પાછો.

પ્રશ્નકર્તા : સેવા કરવાની બાબતમાં વધારે થાય.

દાદાશ્રી : સેવાની બાબતમાં શું ?

પ્રશ્નકર્તા : કોઈવાર કોઈ કાઢી મૂકે. કોઈવાર ના આવવા દે, એવું તેવું થાય ત્યારે ડખો થાય મહીં.

દાદાશ્રી : કાઢી મૂકે એ તો બહુ ન્યાય કહેવાય. કાઢી કોઈ મૂકે ખરું ? નહીં તો આપણે સવાસો રૂપિયા આપીએ તો કાઢી નાખે ! એવું મળે છે ખરું, ઈનામ કોઈ વખત ?

પ્રશ્નકર્તા : મળે ને કોઈવાર.

દાદાશ્રી : એમ ને, બહુ સારું કહેવાય ! હું તો નોંધ રાખું, બહુ સારું કહેવાય. તને કાઢી મૂકે તો કોઈનો નથી દોષ.

પ્રશ્નકર્તા : પણ પેલું અહીં પેસવું હોય એવો ફૉર્સ હોય ત્યારે કાઢી મૂકવાની ઉપાધિ થાય ને ?

દાદાશ્રી : હં, ફૉર્સને લઈને ! ઊંધો ફૉર્સ હોય ત્યારે કાઢી મેલે ને ! નહીં તો દુનિયામાં કોઈ કાઢી ના મૂકે. ઊંધો ફૉર્સ હોય તો જ્યાં પોલીસવાળા આંતરતા હોય ત્યાં પેસવા જાય તો તો પછી મારે ડંડો ! અને કાઢી મૂકે તે 'વ્યવસ્થિત' સમજે તો બહુ આનંદ થાય.

પ્રશ્નકર્તા : દાદા, 'વ્યવસ્થિત છે' એવું રહે, કાઢી મૂકે તેનોય દોષ ના દેખાય. પણ પોતાને મહીં થાય કે કેવા અંતરાય કર્મ લઈને આવ્યા છે, તે નીકળી જવું પડે છે ! એટલે એ આધારે પછી પેલું મહીં એ થાય.

દાદાશ્રી : પાંચ માણસોને વાત પૂછે ને કે આમાં કોનો દોષ ?

જેને કાઢી મૂક્યો છે ને, એનો જ દોષ. પછી આપણે વાત કરીએ તો મૂર્ખા જ કહેવાઈએ ને ! હક્કનું તો મળ્યા વગર રહે જ નહીં. અણહક્કનું ખોળે તોય ના મળે. માર ખાય તોય ના મળે. એના કરતાં ડાહ્યા જ થઈ જઈએ, તે શું ખોટું ? તું ડાહ્યો થઈ ગયો ને ? ધાર્યું કરાવવાની અપેક્ષા એ તો આપણે ઘેરેય ના થાય. અને તમને તો વળી સેવા કરતા જ ક્યાં આવડે છે ? તમને આ બધા ટોળામાં, બધા લોકોને સેવા જ કરતા નથી આવડતી ને ! જ્યારે સેવામાં નવરાશ હોય ત્યારે એ જ કયે ગામ ગયા હોય ! પછી કો'ક પેસી ગયો હોય ત્યારે એને કાઢવાની તૈયારી કરે.

પ્રશ્નકર્તા : એટલે તે ઘડીએ 'વ્યવસ્થિત' કહીને કેસ ઊંચો મૂકી દેવાનો ?

દાદાશ્રી : નહીં, ઊંચો મૂકી દેવાનો નહીં. વ્યવસ્થિતને ઊંચે મૂકવાની જરૂર જ નહીં. આપણે તો તે ઘડીએ જોઈને આનંદ થવો જોઈએ કે ઓહોહો ! 'વ્યવસ્થિત' આમના તાબામાં આવી ગયું, કેવું આવ્યું છે ! તેવો આપણને આનંદ થવો જોઈએ તો હેલ્પ કરે અને આપણા તાબામાંય આવે ! પેલા બધા ક્યાંય ખસી ગયા અને આપણે ભાગે જ સેવા આવી જાય.

તમારું 'વ્યવસ્થિત' આ એક જિંદગી માટેનું જ છે. આ જિંદગીમાં જો પાછું તમે ઊંધું કરો તો પાછું તમારું 'વ્યવસ્થિત' ખરાબ થઈ જાય. જો વ્યવસ્થિત શક્તિ ઉપર છોડી દ્યો, તો તમારું સહેજેય અહિત ના કરે. ઊલટું હિત જ કરે.

સર્વ ક્ષેત્રે, સર્વ કાળે સમાધાનકારી

આ અંતરક્લેશ અને શોક, બેમાંથી આ દુઃખો બધા ઊભા થાય છે, આ બધા રોગ. અને આવો જ્ઞાની પુરુષનો, આ અક્રમનો આનંદ જો ભોગવે ને, તો રોગો બેસી જાય પાછા. એ નૉર્મલ આવી જાય પછી. બ્લડ પ્રેશર તો ઘણાના ઓછા થઈ ગયા ને મટી ગયાય ખરા કેટલાયના. પછી ભાંજગડ ના રહે. જ્ઞાની પુરુષે કહ્યું કે વ્યવસ્થિત છે, એટલે પછી એ બાજુ જોવાનું રહે નહીં ને !

બસ, હવે આપણને આત્મા પ્રાપ્ત થયો છે એટલે બધી બાજુની ખોટ જવાની હોય તો જાવ, કહીએ. જ્યાંની જવી હોય તે જાવ. 'વ્યવસ્થિત'ની બહાર કશું થઈ જવાનું નથી. 'જ્ઞાન'ની જોડે 'વ્યવસ્થિત' પાછું આપેલું છે, નહીં તો મનમાં એમ થાય કે ધીમે ધીમે બધેથી ખોટ જતી રહેશે તો ? પણ 'વ્યવસ્થિત' છે, કોઈ બાપોય નામ દે એવો નથી. 'વ્યવસ્થિત'ની શક્તિ એટલી બધી કામ કરી રહી છે.

પ્રશ્નકર્તા : વ્યવસ્થિત શક્તિને આવા બધા ઝીણા ઝીણા કામ કરવાના બધા. આ આની માત્રા કેટલી ? આટલા ઝીણા ઝીણા કામ કર કર કરે છે વ્યવસ્થિત શક્તિ !

દાદાશ્રી : બળ્યું, આ તો જાડા છે બધા કામો ! બહુ ઝીણા કામ કરે. આ તો બધા જાડા કામ છે, જે આંખે દેખી શકાય, કાને સાંભળી શકાય, એવા કામ છે. 'વ્યવસ્થિત શક્તિ' તો બહુ ઝીણા કામ સુધી પહોંચે.

પ્રશ્નકર્તા : આ બધું જ આખું ચીતરેલું, એક્ઝેક્ટ ક્ષણે-ક્ષણ, સેકન્ડે સેકન્ડ લગીનું ચીતરેલું ?

દાદાશ્રી : એક્ઝેક્ટ, બિલકુલ ચેન્જ સિવાયનું, જ્યોતિષ ભૂલો પડે. કારણ કે એ તો ગણતરીમાં ભૂલો થાય ને, એ કૅલ્ક્યુલેશન છે. આ તો એક્ઝેક્ટ ! તમને એકુંય અનુભવ થયેલો ?

પ્રશ્નકર્તા : આ એવા અસંખ્ય અનુભવો છે, ઘણા.

દાદાશ્રી : કેવો સુંદર સાહજિક માર્ગ ! મહેનત વગરનો ! કશી મહેનત પડી તમને ? અને આનંદ ખૂટતો નથી ને ?

પ્રશ્નકર્તા : આનંદ, આનંદ રહે છે. કો'ક વખત સહેજ ઊંચું-નીચું થઈ જાય, પણ પછી પેલું અંદરનું એકદમ જાગૃત થઈ જાય. એટલે આનંદમાં આવી જવાય. પણ પાંચ આજ્ઞા પૂરતા એણે જાગ્રત તો રહેવું જોઈએ ને ?

દાદાશ્રી : પાંચ આજ્ઞા છે ને, એ આ જ્ઞાનને રક્ષણ કરનારી છે. તેમાં એક આજ્ઞા તો પાળી શકાય એવી જ છે, નિરંતર. કારણ કે વ્યવસ્થિતને સમજી જાય છે.

પ્રશ્નકર્તા : એમાં તો બહુ મોટું સમાધાન છે.

દાદાશ્રી : આખું સમાધાન ! આખું જગત અસમાધાન પામ્યું છે. આ 'જ્ઞાન' નહીં હોવાથી જ અસમાધાન પામ્યું છે અને તેથી ચિંતાઓ-વરિઝમાં જ સપડાયું છે. પ્યાલા ફૂટી જાય તોય કકળાટ ! વ્યવસ્થિતમાં તો બધું બહુ સમાધાન છે. એટલે સર્વ સમાધાની જ્ઞાન કહેવાય છે. આ સર્વ સમાધાની, ઍટ ઍની ટાઈમ, કોઈ પણ જગ્યાએ, સમાધાન આપે જ કોઈ પણ સંજોગોમાં.

'વ્યવસ્થિત' તો બહુ ઊંચી વસ્તુ છે. 'વ્યવસ્થિત' સમજે ને, તો તેને આખો દહાડો સમાધિ જ રહે. આ તો વ્યવસ્થિતના જ્ઞાનથી ભવિષ્યની ચિંતા ઊડી જાય છે અને ભૂતકાળની ચિંતા તો ગયેલી જ છે, એટલે વર્તમાનમાં રહી શકે છે. આ સંસાર 'વ્યવસ્થિત' છે એવું સમજમાં આવે તો ઘણા દુઃખો ઓછા થઈ જાય.

- જય સચ્ચિદાનંદ

આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

અડાલજ

૮ નવેમ્બર (રવિ) - રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ
૧૦ નવેમ્બર (મંગળ) - **નૂતન વર્ષ** નિમિત્તે વિશેષ કાર્યક્રમ
૧૫ નવેમ્બર (રવિ) સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ**
૨૬ ડિસેમ્બર થી ૨ જાન્યુઆરી - **પારાયણ** - **વાંચન અને પ્રશ્નોત્તરી** (આપ્તવાણી ૧૪ ભાગ - ૫)
સમય : સવારે ૧૦ થી ૧૨-૩૦ અને સાંજે ૪-૩૦ થી ૭
નોંધ : આપ્તવાણી ૧૪ ભાગ - ૫ પેજ નં. ૧૦૫થી વાંચન, ચિંતવનના ફળે ચીજો ન મળે... હેડિંગથી.
૨ જાન્યુઆરી - રાત્રે ૮-૩૦ થી ૧૦ પરમ પૂજ્ય દાદાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે વિશેષ ભક્તિ
૩ જાન્યુઆરી - **શ્રી સીમંધર સ્વામીની નાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા**
સૂચના : પારાયણમાં ભાગ લેવા માટે **'Akonnect'** મોબાઈલ એપ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

આણંદમાં પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૯મો જન્મજયંતી મહોત્સવ

૧૯ નવેમ્બર (ગુરુ) - સાંજે ૫-૩૦ થી ૭ - **ઉદ્ઘાટન સમારંભ (સાંસ્કૃતિક કાર્યક્રમ)**
- સાંજે ૭-૧૫ થી ૮-૧૫ - **સત્સંગ**

૨૦ નવેમ્બર (શુક્ર) - સવારે ૧૦ થી ૧૨-૩૦ અને સાંજે ૬ થી ૮-૩૦ - **સત્સંગ**
- સાંજે ૪ થી ૫ - **કિર્તન ભક્તિ**

૨૧ નવેમ્બર (શનિ) - સવારે ૧૦ થી ૧૨-૩૦ અને સાંજે ૬ થી ૮-૩૦ - **સત્સંગ**
- સાંજે ૪ થી ૫ - **આપ્તપુત્ર સત્સંગ**

૨૨ નવેમ્બર (રવિ) - સવારે ૧૦ થી ૧૨-૩૦ - **સત્સંગ** અને સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ**

૨૩ નવેમ્બર (સોમ) - સવારે ૮ થી ૯-૩૦ - **જન્મજયંતી નિમિત્તે પૂજન-સંદેશો-આરતી**
- સવારે ૧૦-૩૦ થી ૧ **અને** સાંજે ૫ થી ૬ (પૂજ્યશ્રીના કાર દ્રષ્ટિ દર્શન)

નોંધ : મહોત્સવમાં ભાગ લેવા માટે **'Akonnect'** મોબાઈલ એપ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વધુ વિગતો માટે આપના સેન્ટર પર અથવા અડાલજના રજિસ્ટ્રેશન નંબર 99243 48880 પર સંપર્ક કરવો.
સ્થળ : આણંદ-સોજીત્રા રોડ, મોરડ-વલાસણ કેનાલ પાસે. **સંપર્ક :** 9998339150

રાજકોટ


૮ ડિસેમ્બર (મંગળ) સાંજે ૭-૩૦ થી ૧૦ - **સત્સંગ** તથા **૯ ડિસેમ્બર** (બુધ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
સ્થળ : ઓપન ગ્રાઉન્ડ, ઓપેરા બિલ્ડિંગ પાસે, કોઠારિયા ગામ, રાજકોટ. **સંપર્ક :** 9909977440

દેવભૂમિ દ્વારકા

૧૩ ડિસેમ્બર (રવિ) બપોરે ૩-૩૦ થી ૭ - **જ્ઞાનવિધિ**
સ્થળ : પરેડ ગ્રાઉન્ડ, ભડકેશ્વર મહાદેવ રોડ, સર્કિટ હાઉસની પાછળ, દ્વારકા. **સંપર્ક :** 9067051111

ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ : 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335
U.S.A. Canada: +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

ઓકલેન્ડ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૩ થી ૫ ઓક્ટોબર ૨૦૨૬


સત્સંગ




જ્ઞાનવિધિ


દર્શન

હોંગકોંગ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૯ થી ૧૧ ઓક્ટોબર ૨૦૨૬


સત્સંગ




જ્ઞાનવિધિ




હોંગકોંગ


વિહંગમ


ગ્રામસભા

નવેમ્બર ૨૦૨૬
વર્ષ-૩૨, અંક-૩
સળંગ અંક-૩૬૫

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

'વ્યવસ્થિત' સમજાય જાય તો અહીં જ મોક્ષ વર્તે

(આ જ્ઞાન લીધેલા) વ્યવસ્થિતનું જ્ઞાન સમજી ગયા છે એટલે તો બિલકુલ પેટમાં પાણી નથી હાલતું. અમે જ્ઞાન આપીએ એટલે મોક્ષ આપીએ. મોક્ષ પછી જાય નહીં, પણ એ વ્યવસ્થિતને સમજે તો ! વડોદરામાં પેલો એકનો એક છોકરો કપાઈ ગયો, ત્રીસ વર્ષનો. એના ફાધરનું પેટમાં પાણી ના હાલ્યું, એનું શું કારણ ? 'વ્યવસ્થિત' સમજી ગયેલા. એને કંઈ ગાડીએ મારી નાંખ્યો નથી. ગાડી તો એમાંનો એક સંજોગ હતો. બધા સંજોગો ભેગા થયા એટલે બન્યું. એમાં ભગવાનનું પણ ચાલે નહીં. પણ વ્યવસ્થિત સમજાય તો એ દાદાએ સેફસાઈડ આપ્યું, પણ પોતે એવો દોઢડાહ્યો થાય છે તો અનસેફ થાય !

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ભવોડિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છાપીને પ્રકાશિત કર્યું.